# ભારતનાં વડાપ્રધાન



ભરત ચૌહાણ “ઓ-કાન્હા” આચાર્ય, ગુંજાર પ્રાથમિક શાળા, તા.ધંધુકા, જિ.અમદાવાદ મો.૯૦૩૩૮૬૬૩૩૬



**શ્રી જવાહરલાલ નહેરુ**

August ૧૫, ૧૯૪૭ - May ૨૭, ૧૯૬૪ | Congress

પંડિત જવાહરલાલ નહેરુનો જન્મ ૧૪ નવેમ્બર, ૧૮૮૯ના રોજ અલ્હાબાદમાં થયો હતો. તેમણે પોતાની પ્રારંભિક શિક્ષા પોતાના ઘરે જ ખાનગી શિક્ષકો દ્વારા પ્રાપ્ત કરી હતી. ૧૫ વર્ષની ઉંમરે જ તેઓ ઇંગ્લેન્ડ જતાં રહ્યા અને હૈરોમાં બે વર્ષ રહ્યા બાદ તેમણે કેમ્બ્રિજ વિશ્વવિદ્યાલયમાં પ્રવેશ મેળવ્યો હતો જ્યાંથી તેમણે પ્રાકૃતિક વિજ્ઞાનમાં સ્નાતક ડિગ્રી પ્રાપ્ત કરી હતી. ૧૯૧૨માં ભારત પાછા ફર્યા પછી તરત જ રાજકારણમાં જોડાયા હતા. અહીં સુધી કે વિદ્યાર્થીકાળ દરમિયાન પણ તેઓ વિદેશી હકુમત હેઠળના દેશોની સ્વતંત્રતા સંઘર્ષમાં રસ દાખવતા હતા. તેમણે આયર્લેન્ડમાં થયેલા સિનફેન આંદોલનમાં ઉંડો રસ લીધો હતો. તેમને ભારતના સ્વતંત્રતા સંગ્રામમાં અનિવાર્યરૂપે સામેલ થવું પડ્યું હતું.


૧૯૧૨મા તેમણે પ્રતિનિધિ તરીકે બાંકીપુર સંમેલનમાં ભાગ લીધો હતો તેમજ ૧૯૧૯માં અલ્હાબાદના હોમરૂલ લીગના સચિવ બન્યા હતા. ૧૯૧૬માં તેઓ મહાત્મા ગાંધીને પહેલી વખત મળ્યા હતા. જેમનાથી તેઓ ખૂબ પ્રેરિત થયાં હતા. તેમણે ૧૯૨૦માં ઉત્તરપ્રદેશના પ્રતાપગઢ જિલ્લામાં પ્રથમ કિસાન માર્ચનું આયોજન કર્યું હતું. ૧૯૨૦ – ૨૨ના અસહયોગ આંદોલનના સંબંધમાં તેમને બે વખત જેલ જવું પડ્યું હતું.

પંડિત નહેરું સપ્ટેમ્બર ૧૯૨૩મા અખિલ ભારતીય કોંગ્રેસ કમિટિના મહાસચિવ બન્યા. તેમણે ૧૯૨૬માં ઇટાલી, સ્વિટ્ઝર્લેન્ડ, ઇંગ્લેન્ડ, બેલ્જિયમ, જર્મની તેમજ રશિયાની મુલાકાત લીધી હતી. બેલ્જિયમમાં તેમણે ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના એક સત્તાવાર પ્રતિનિધિ તરીકે બ્રસેલ્સમાં દીન દેશોના સંમેલનમાં ભાગ લીધો હતો. તેમણે ૧૯૨૭માં મોસ્કોમાં ઓકટોબર સમાજવાદી ક્રાંતિની દસમી વર્ષગાંઠ સમારંભમાં ભાગ લીધો હતો. એ પહેલા ૧૯૨૬માં મદ્રાસ કોંગ્રેસમાં કોંગ્રેસને આઝાદીના લક્ષ્ય માટે પ્રતિબદ્ધ કરવામાં નહેરુએ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. ૧૯૨૮માં લખનઉમાં સાયમન કમિશન વિરુદ્ધ એક સરઘસનું નેતૃત્વ કરવા બદલ તેમના પર લાઠીચાર્જ કરવામાં આવ્યો હતો. ૨૯ ઓગસ્ટ ૧૯૨૮ના રોજ તેમણે તમામ પક્ષોના સંમેલનમાં ભાગ લીધો તેમજ તેઓએ લોકોમાંથી એક હતા જેમણે ભારતીય બંધારણ સુધારના નહેરુ રિપોર્ટ પર સહી કરી હતી. આ રિપોર્ટનું નામ તેમના પિતા શ્રી મોતીલાલ નહેરુના નામ પર રાખવામાં આવ્યું હતું. એજ વર્ષે તેમણે 'ભારતીય સ્વતંત્રતા લીગ'ન સ્થાપના કરી તેમજ તેમના મહાસચિવ બન્યા. આ લીગનો મૂળ ઉદ્દેશ્ય ભારતને બ્રિટિશ સામ્રાજ્યથી પૂર્ણતઃ અલગ કરવાનો હતો. ૧૯૨૯માં પડિત નહેરુ ભારતીય રાષ્ટ્રીય સંમેલનના લાહોર સત્રના અધ્યક્ષ ચૂંટાયા જેનું મુખ્ય લક્ષ્ય દેશ માટે પૂર્ણ સ્વતંત્રતા પ્રાપ્ત કરવાનું હતું. તેમણે ૧૯૩૦-૩૫ દરમિયાન મીઠા સત્યાગ્રહ તેમજ કોંગ્રેસના અન્ય આંદોલનોના કારણે ઘણી વખત જેલવાસ ભોગવ્યો.

તેમણે ૧૪ ફેબ્રુઆરી ૧૯૩૫ના રોજ અલ્મોડા જેલમાં પોતાની આત્મકથાનું લેખન કાર્ય પૂર્ણ કર્યું. છૂટ્યાં બાદ તેઓ પોતાની બિમાર પત્નીના ખબર અંતર પૂછવા સ્વીટ્ઝર્લેન્ડ ગયા તેમજ તેમણે ફેબ્રુઆરી-માર્ચ ૧૯૩૬માં લંડનની મુલાકાત લીધી. તેમણે જુલાઇ ૧૯૩૮માં સ્પેનની પણ મુલાકાત લીધી જ્યારે ત્યાં ગૃહયુદ્ધ ચાલી રહ્યું હતું. બીજું વિશ્વયુદ્ધ શરૂ થવાના થોડા સમય પહેલા તેઓ ચીનની મુલાકાતે પણ ગયા હતા.

પંડિત નહેરુએ ભારતને યુદ્ધમાં ભાગ લેવા માટે મજબૂર કરવાનો વિરોધ કરતાં વ્યકિતગત સત્યાગ્રહ કર્યો, જેને કારણે ૩૧ ઓકટોબર ૧૯૪૦ના રોજ તેમની ધરપકડ કરવામાં આવી હતી. તેમને ડિસેમ્બર ૧૯૪૧માં અન્ય નેતાઓ સાથે જેલમાંથી મુકત કરી દેવાયા હતા. ૭ ઓગસ્ટ, ૧૯૪૨ના રોજ

મુંબઇમાં થયેલા અખિલ ભારતીય કોંગ્રેસ કમિટિની બેઠકમાં પંડિત નેહરુએ ઐતિહાસિક સંકલ્પ 'ભારત છોડો'ને કાર્યાન્વિત કરવાનું લક્ષ્ય નિર્ધારિત કર્યું. ૮ ઓગસ્ટ, ૧૯૪૨ના રોજ તેમને અન્ય નેતાઓ સાથે ધરપકડ કરીને અહેમદનગર કિલ્લા લઇ જવામાં આવ્યા. આ છેલ્લો મોકો હતો જ્યારે તેમને જેલ જવું પડ્યું તેમજ આ વખતે જ તેમને સૌથી લાંબા સમય સુધી જેલમાં રહેવું પડ્યું હતું. પોતાના સમગ્ર જીવનનાં તેઓ નવ વખત જેલ ગયા હતા. જાન્યુઆરી ૧૯૪૫માં પોતે છૂટ્યાં પછી તેમણે રાજદ્રોહના આરોપ હેઠળ રહેલા આઇએનએના અધિકારીઓ તેમજ વ્યકિતઓનો કાયદાકિય બચાવ કર્યો હતો. માર્ચ ૧૯૪૬માં પંડિત નહેરુએ દક્ષિણ- પૂર્વ એશિયાની મુલાકાત લીધી હતી. ૭ જુલાઇ, ૧૯૪૬ના રોજ તેઓ ચોથી વખત કોંગ્રેસના અધ્યક્ષ ચૂંટાયા હતા તેમજ ફરીથી ૧૯૫૧થી ૧૯૫૪ સુધી વધુ ત્રણ વખત તેઓ આ પદ માટે ચૂંટાયા હતા.



**શ્રી ગુલજારીલાલ નંદા**

May ૨૭, ૧૯૬૪ - June ૯, ૧૯૬૪ | Congress

January ૧૧, ૧૯૬૬ - January ૨૪, ૧૯૬૬ | Congress


શ્રી ગુલજારીલાલ નંદાનો જન્મ ૪ જુલાઇ, ૧૮૯૮ના રોજ પંજાબના સિયાલકોટમાં થયો હતો. તેમણે લાહોર, આગ્રા તેમજ અલ્હાબાદમાં પોતાની શિક્ષા પ્રાપ્ત કરી હતી. તેમણે અલ્હાબાદ વિશ્વ વિદ્યાલય (૧૯૨૦-૧૯૨૧)માં શ્રમ સંબંધિ સમસ્યાઓ પર એક શોધ અધ્યેતાના રૂપમાં કાર્ય કર્યું તેમજ ૧૯૨૧માં નેશનલ કોલેજ (મુંબઇ)માં અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક બન્યા. આ જ વર્ષે તેઓ અસહયોગ આંદોલનમાં સામેલ થયાં. ૧૯૨૨માં અમદાવાદ ટેક્સ્ટાઇલ લેબર એસોસિયેશનના સચિવ બન્યા જેમાં

તેમણે ૧૯૪૬ સુધી કામ કર્યું. તેમને ૧૯૩૨માં સત્યાગ્રહ માટે જેલ જવું પડ્યું તેમજ ફરી ૧૯૪૨થી ૧૯૪૪ સુધી પણ તેઓ જેલમાં રહયા.

શ્રી નંદા ૧૯૩૭માં બોમ્બે વિધાનસભા માટે ચૂંટાઇ આવ્યા તેમજ ૧૯૩૭થી ૧૯૩૯ સુધી તેઓ બોમ્બે સરકારના સંસદિય સચિવ (શ્રમ તેમજ ઉત્પાદ શૂલ્ક) રહ્યા. પાછળથી, બોમ્બે સરકારના શ્રમમંત્રી (૧૯૪૬થી ૧૯૫૦ સુધી)ના રૂપે તેમણે રાજ્ય વિધાનસભામાં સફળતાપૂર્વક શ્રમ વિવાદ વિધેયક રજૂ કર્યું. તેમણે કસ્તુરબા મેમોરિયલ ટ્રસ્ટમાં ટ્રસ્ટી તરીકે, હિન્દુસ્તાન મજદૂર સેવક સંઘમાં સચિવ તરીકે તેમજ બોમ્બે આવાસ બોર્ડમાં અધ્યક્ષ તરીકે કાર્યું કર્યું. તેઓ રાષ્ટ્રીય યોજના સમિતિના સદસ્ય પણ રહ્યા હતા. રાષ્ટ્રીય મજદૂર કોગ્રેસના આયોજનમાં તેમણે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી અને પછીથી તેમના અધ્યક્ષ બન્યા હતા. ૧૯૪૭માં તેમણે જિનેવામાં યોજાયેલા આંતરરાષ્ટ્રીય શ્રમ સંમેલનમાં એક સરકારી પ્રતિનિધી તરીકે ભાગ લીધો હતો. તેમણે સંમેલન દ્વારા નિયુકત ‘ધ ફ્રીડમ ઓફ એસોસિયેશન કમિટિ’ પર કાર્ય કર્યું તેમજ સ્વીડન, ફ્રાન્સ, સ્વીટ્ઝરર્લેન્ડ, બેલ્જિયમ તેમજ ઇંગ્લેન્ડની મુલાકાત લીધી. જેથી તેઓ એ દેશોમાં શ્રમ અને આવાસની સ્થિતિનું અધ્યયન કરી શકે.

માર્ચ ૧૯૫૦માં તેઓ યોજના આયોગના ઉપાધ્યક્ષ તરીકે સામેલ થયા હતા. પછીના વર્ષે સપ્ટેમ્બરમાં તેઓ કેન્દ્ર સરકારના યોજના મંત્રી બન્યા હતા. આ ઉપરાંત તેમને સિંચાઇ તેમજ વિજળી વિભાગોનો પ્રભાર પણ અપાયો હતો. તેઓ ૧૯૫૨ની સામાન્ય ચૂંટણીમાં મુંબઇથી લોકસભા માટે ચૂંટાયા અને ફરીથી યોજના સિંચાઇ તેમજ વિજળીમંત્રી તરીકે નિયુકત થયા હતા. તેમણે ૧૯૫૫માં સિંગાપોરમાં આયોજિત યોજના સલાહકાર સમિતિ તેમજ ૧૯૫૯માં જિનેવામાં આયોજિત આંતરાષ્ટ્રીય શ્રમ સંમેલનમાં ભારતીય પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કર્યું હતું.

શ્રી નંદા ૧૯૫૭ની સામાન્ય ચૂંટણીમાં લોકસભા માટે ચૂંટાયા તેમજ શ્રમ તથા રોજગાર અને નિયોજનના કેન્દ્રિય મંત્રી બનાવવામાં આવ્યા હતા. પછીથી તેઓ યોજના આયોગના ઉપાધ્યક્ષ નિયુકત થયાં હતા. તેમણે ૧૯૫૯માં જર્મની સંઘીય ગણરાજ્ય, યુગોસ્લાવિયા તેમજ ઓસ્ટ્રીયાની મુલાકાત લીધી હતી. ૧૯૬૨ની સામાન્ય ચૂંટણીમાં તેઓ ગુજરાતના સાંબરકાંઠા ચૂંટણી ક્ષેત્રથી લોકસભા માટે ફરીથી ચૂંટાયા હતા. તેમણે ૧૯૬૨માં સમાજવાદી લડાઇ માટે કોંગ્રેસ ફોરમની શરૂઆત કરી હતી. તેઓ ૧૯૬૨ તેમજ ૧૯૬૩માં કેન્દ્રીય શ્રમ તેમજ રોજગાર મંત્રી તેમજ ૧૯૬૩થી ૧૯૬૬ સુધી ગૃહમંત્રી રહ્યા હતા. પંડિત નહેરુના નિધન બાદ તેમણે ૨૭ મે ૧૯૬૪ના રોજ ભારતના પ્રધાનમંત્રી તરીકે શપથ ગ્રહણ કર્યા હતા. તાંશ્કદમાં શ્રી લાલબહાદુર શાસ્ત્રીના નિધન બાદ ફરીથી ૧૧ જાન્યુઆરી ૧૯૬૬માં તેમણે પ્રધાનમંત્રી તરીકે શપથ ગ્રહણ કર્યા હતા.



**શ્રી લાલ બહાદુર શાસ્ત્રી**

J u n e ૯, ૧૯૬૪ - J a n u a r y ૧૧, ૧૯૬૬ | C o n g r e s s

શ્રી લાલ બહાદુર શાસ્ત્રીનો જન્મ ૨ ઓક્ટોબર, ૧૯૦૪ના રોજ ઉત્તર પ્રદેશના વારાણસીથી સાત માઇલ દૂર એક નાના રેલવે ટાઉન, મુગલસરાયમાં થયો હતો. તેમના પિતા એક સ્કૂલ શિક્ષક હતા. જ્યારે લાલ બહાદુર શાસ્ત્રી માત્ર દોઢ વર્ષના હતા ત્યારે તેમન પિતાનું દેહાંત થઇ ગયું હતું. તેમની માતા તેમના ત્રણેય સંતાનો સાથે પોતાના પિતાના ઘરે જઇને વસ્યા હતા. એ નાના એવા શહેરમાં લાલ બહાદુરની સ્કૂલની શિક્ષા કંઇ ખાસ રહી નહોતી પરંતુ ગરીબીનો માર પડવા છતાં તેમનું બાળપણ પર્યાપ્તરૂપે આનંદમય રહ્યું હતું. તેમને વારણસીમાં કાકા સાથે રહેવા મોકલાયા હતા જેથી ઉચ્ચ વિદ્યાલયનું શિક્ષણ પ્રાપ્ત કરી શકે. ઘરમાં તેમને સહું નન્હેના નામથી બોલાવતા હતા. તેઓ ઘણા

માઇલનું અંતર ઉઘાડા પગે જ ચાલીને શાળાએ જતા હતા, એ ત્યાં સુધી કે ભીષણ ગરમીમાં જ્યારે રસ્તાઓ ખૂબ જ ગરમ હતા ત્યારે પણ તેમને આવી રીતે જ જવું પડતું હતું.

મોટા થવાની સાથે જ લાલ બહાદુર શાસ્ત્રી વિદેશી ગુલામીમાંથી આઝાદી માટે દેશના સંઘર્ષમાં વધારે રસ દાખવવા લાગ્યા. તેઓ ભારતમાં બ્રિટિશ શાસનનું સમર્થન કરી રહેલા ભારતીય રાજાઓની મહાત્મા ગાંધી દ્વારા કરાયેલી નિંદાથી અત્યંત પ્રભાવિત થયા હતા. લાલ બહાદુર શાસ્ત્રી જ્યારે માત્ર ૧૧ વર્ષના હતા ત્યારથી જ તેમણે રાષ્ટ્રીય સ્તરે કંઇક કરવાનું મનમાં વિચારી લીધું હતું. ગાંધીજીએ અસહયોગ આંદોલનમાં સામેલ થવા માટે પોતાના દેશવાસીઓને આહવાન કર્યું હતું, આ સમયે લાલ બહાદુર શાસ્ત્રી માત્ર ૧૬ વર્ષના હતા. તેમણે મહાત્મા ગાંધીના આ આહવાન પર પોતાનું ભણતર છોડી દેવાનો નિર્ણય કરી લીધો હતો. તેમના આ નિર્ણયે તેમની માતાની આશાઓ તોડી નાંખી. તેમના પરિવારે તેમના આ નિર્ણયને ખોટો ગણાવીને તેમને રોકવાના ઘણા પ્રયત્નો કર્યા હતા પંરતુ તેઓ નિષ્ફળ રહ્યાં. લાલ બહાદુરે પોતાનું મન મનાવી લીધું હતું. તેમના બધા નજીકના લોકોને એ ખબર હતી કે એક વખત મન મનાવી લીધા બાદ તેઓ પોતાનો નિર્ણય ક્યારેય નહીં બદલે કેમ કે બહારથી વિનમ્ર દેખાતા લાલ બહાદુર અંદરથી ખડક જેવા દ્રઢ હતા.

લાલ બહાદુર શાસ્ત્રી બ્રિટિશ શાસનની અવજ્ઞામાં સ્થાપિત કરાયેલી ઘણી રાષ્ટ્રીય સંસ્થાનોમાંથી એક કાશી વિદ્યાપીઠમાં સામેલ થયાં હતા. અહીં તેઓ મહાન વિદ્વાનો તેમજ દેશના રાષ્ટ્રવાદીઓના પ્રભાવમાં આવ્યા. વિદ્યાપીઠ દ્વારા તેમને પ્રદત્ત સ્નાતકની ડિ.ગ્રીનું નામ ‘શાસ્ત્રી’ હતું. પરંતુ લોકોના મનમાં તે તેમના નામના એક ભાગરૂપે વસી ગયું. ૧૯૨૭માં તેમના લગ્ન થયાં હતા. તેમની પત્ની લલિતા દેવી મીરઝાપુરના હતા. જે તેમના શહેરની પાસે જ હતું. તેમના લગ્ન બધી રીતે પારંપરિક હતા. દહેજના નામે એક ચરખો તેમજ હાથથી વણેલું અમુક મીટર કાપડ હતું. તેઓ દહેજના રૂપમાં એનાથી વધારે બીજું કંઇ પણ ઇચ્છતા નહોતા.

૧૯૩૦માં મહાત્મા ગાંધીએ મીઠાનો કાયદો તોડીને દાંડી યાત્રા કરી હતી. આ પ્રતિકાત્મક સંદેશે સમગ્ર દેશમાં એક પ્રકારની ક્રાંતિ લાવી દીધી હતી. લાલ બહાદુર શાસ્ત્રી જોશભેર સ્વતંત્રતાના સંઘર્ષમાં સામેલ થયાં. તેમણે ઘણા વિદ્રોહી અભિયાનોનું નેતૃત્વ કર્યું તેમજ કુલ સાત વર્ષ સુધી બ્રિટીશ જેલોમાં રહ્યા. આઝાદીના સંઘર્ષે તેમને પૂર્ણતઃ પરિપક્વ બનાવી દીધા હતા.

આઝાદી પછી જ્યારે કોંગ્રેસ સત્તામાં આવી તેના પહેલા જ રાષ્ટ્રીય સંગ્રામના નેતા વિનીત તેમજ નમ્ર, લાલ બહાદુર શાસ્ત્રીના મહત્વને સમજી ચૂક્યા હતા. ૧૯૪૬મા જ્યારે કોંગ્રેસ સરકારનું ગઠન થયું તો આ નાના કાર્યકરને દેશના શાસનમાં રચનાત્મક ભૂમિકા નીભાવવાની જવાબદારી અપાઇ હતી.

તેમને પોતાના ગૃહરાજ્ય ઉત્તરપ્રદેશના સંસદિય સચિવ નિયુક્ત કરાયા હતા અને ઝડપથી જ તેઓ ગૃહમંત્રીના પદ પર પહોંચી ગયા હતા. સખત મહેનત કરવાની તેમની ક્ષમતા તેમજ તેમની દક્ષતા ઉત્તર પ્રદેશમાં એક ઉદાહરણરૂપ બની હતી. તેઓ ૧૯૫૧માં નવી દિલ્હી આવ્યા તેમજ કેન્દ્રીય મંત્રીમંડળના ઘણા વિભાગોનો પ્રભાર સંભાળ્યો- રેલ મંત્રી, પરિવહન તથા સંચાર મંત્રી, વાણિજ્ય તેમજ ઉદ્યોગમંત્રી. ગૃહમંત્રી તેમજ નહેરુજીની બિમારીના સમયે વિભાગ વગર મંત્રી રહ્યા હતા. તેમની પ્રતિષ્ઠા સતત વધી રહી હતી. એક રેલવે દુર્ઘટના, જેમાં ઘણા લોકો માર્યા ગયા હતા, માટે પોતાને જવાબદાર ઠેરવતા તેમણે રેલવે મંત્રીના પદેથી રાજીનામું આપી દીધું હતું. દેશ તેમજ સંસદે તેમની આ અભૂતપૂર્વ પહેલને બિરદાવી હતી. તત્કાલિન પ્રધાનમંત્રી પંડિત નહેરુએ આ ઘટના અંગે સંસદમાં બોલતા લાલ બહાદુર શાસ્ત્રીની ઇમાનદારી તેમજ ઉચ્ચ આદર્શોની ખૂબ પ્રશંસા કરી હતી. તેમણે કહ્યું કે તેમણે લાલ બહાદુર શાસ્ત્રીનું રાજીનામું એટલા માટે સ્વીકાર્યું નથી કે જે કંઇ પણ થયું છે તેમના માટે એ જવાબદાર છે પરંતુ એટલા માટે સ્વીકાર્યું છે કે એનાથી બંધારણીય મર્યાદામાં એક દાખલો બેસશે. રેલવે દુર્ઘટના પર લાંબી ચર્ચાનો જવાબ આપતા લાલ બહાદુર શાસ્ત્રીએ કહ્યું "કદાચ હું લંબાઇમાં ટૂંકો હોવાથી તેમજ નમ્ર હોવાને કારણે લોકોને લાગે છે કે હું બહું દ્રઢ નથી થઇ શકતો. જોકે શારીરિક રીતે હું મજબૂત નથી પરંતુ મને લાગે છે કે આંતરિક રીતે હું એટલો પણ કમજોર નથી."

પોતાના મંત્રાલયના કામકાજ દરમિયાન પણ તેઓ કોંગ્રેસ પાર્ટી સંબંધિત બાબતોનું ધ્યાન રાખતા તેમજ તેમાં ભરપૂર યોગદાન આપતા હતા. ૧૯૫૨,૧૯૫૭ તેમજ ૧૯૬૨ની સામાન્ય ચૂંટણીઓમાં પાર્ટીની નિર્ણાયક તેમજ જબરદસ્ત સફળતામાં તેમની સંગઠનની પ્રતિભા તેમજ વસ્તુને નજીકને પારખવાની અદભુત ક્ષમતાનું ખૂબ મોટું યોગદાન હતું.

૩૦થી વધુ વર્ષો સુધી પોતાની સમર્પિત સેવા દરમિયાન લાલ બહાદુર શાસ્ત્રી પોતાની નિષ્ઠા તેમજ ક્ષમતા માટે લોકોમાં ખૂબ પ્રસિદ્ધ થયાં હતા. વિનમ્ર, દ્રઢ, સહિષ્ણુ તેમજ જબરદસ્ત આંતરિક શકિતવાળા શાસ્ત્રીજી લોકો વચ્ચે એવા વ્યકિત બનીને ઉભર્યા જેમણે લોકોની ભાવનાઓને સમજી. તેઓ દૂરદર્શી હતા કે જેથી દેશને પ્રગતિના માર્ગે લઇ આવ્યા. લાલ બહાદુર શાસ્ત્રી મહાત્મા ગાંધીની રાજનૈતિક શિક્ષાઓથી અત્યંત પ્રભાવિત હતા. પોતાના ગુરુ મહાત્મા ગાંધીના લયમાં જ તેમણે એક વખત કહ્યું હતું કે '' મહેનત પ્રાર્થના કરવા બરાબર છે.'' મહાત્મા ગાંધી જેવા જ વિચાર ધરાવનારા લાલ બહાદુર શાસ્ત્રી ભારતીય સંસ્કૃતિની શ્રેષ્ઠ ઓળખ છે.



**શ્રીમતી ઇન્દિરા ગાંધી**

J a n u a r y ૨૪, ૧૯૬૬ - M a r c h ૨૪, ૧૯૭૭ | C o n g r e s s

J a n u a r y ૧૪, ૧૯૮૦ - O c t o b e r ૩૧, ૧૯૮૪ | C o n g r e s s (I )

**૧૯ નવેમ્બર ૧૯૧૭ના રોજ એક પ્રતિષ્ઠિત પરિવારમાં તેમનો જન્મ થયો હતો તેઓ પંડિત જવાહરલાલ નહેરુના પુત્રી હતા. તેમણે બેક્સ(ન્યૂઝીલેન્ડ)ની ઇકોલે નાવેલે, જીનેવાની ઇકોલે ઇન્ટરનેશનલ , પૂણે અને મુંબઇની પ્યુપીલ્સ ઓવન સ્કૂલ, બ્રિટનની બેડમિન્ટન સ્કૂલ અને શાંતિનિકેતન વિશ્વભારતી અને ઓક્સફોર્ડ સોમરવીલ કોલેજ જેવી પ્રતિષ્ઠીત કોલજોમાં અભ્યાસ કર્યો હતો. વિશ્વભારતી અનેક યુનિવર્સિટીએ તેમને ઓનરરી પદવીથી નવાજ્યા હતા. પ્રતિભાવંત શૈક્ષણિક લાયકાત ધરાવતા ઇન્દિરા ગાંધીને કોલંબિયા યુનિવર્સિટી તરફથી પણ સિટેશન ઓફ ડિસ્ટન્કશન**

પ્રાપ્ત થયું હતું. સ્વાધીનતા સંગ્રામમાં તેમણે સક્રીયપણે ભાગ લીધો હતો. બાળપણમાં જ ૧૯૩૦માં બાળ ચરખાસંઘની સ્થાપના કરવા ઉપરાંત અસહકાર ચળવળમાં કોંગ્રેસને મદદ કરવા 'વાનર સેના'ની રચના કરી હતી. ૧૯૪૨માં તેમને જેલની સજા થઇ હતી અને ૧૯૪૭માં ગાંધીના માર્ગદર્શન હેઠળ દિલ્હીમાં રમખાણના અસરગ્રસ્ત વિસ્તારોમાં કામ કર્યું હતું.

૨૬ માર્ચ, ૧૯૪૨માં તેમણે ફિરોઝ ગાંધી સાથે લગ્ન કર્યા હતા અને તેમને બે પુત્રો થયાં હતા. ૧૯૫૫માં શ્રીમતી ગાંધી કોગ્રેસ કારોબારી સમિતિ અને કેન્દ્રીય ચૂંટણી સમિતિના સભ્ય બન્યા હતા. ૧૯૫૮માં તેઓ કોંગ્રેસના મધ્યસ્થ સંસદિય બોર્ડના સભ્યપદે નિમણૂક પામ્યા હતા. ૧૯૫૬માં તેઓ એ.આઇ.સી.સીની રાષ્ટ્રીય અખંડિતતા પરિષદના અધ્યક્ષ અને અખિલ ભારત યુવા કોંગ્રેસના પણ અધ્યક્ષ બની રહ્યા હતા. ૧૯૫૯માં ભારતી રાષ્ટ્રીય કોંગ્રેસના પ્રમુખ બન્યા પછી એ પદ પર ૧૯૬૦ સુધી સેવા આપી હતી. તે પછી ૧૯૭૮થી ફરી એ પદ પર સેવા આપી હતી. ૧૯૬૪થી ૧૯૬૬ દરમિયાન તેમણે માહિતી અને પ્રસારણમંત્રી પદ સંભાળ્યું હતું. ત્યાર બાદ જાન્યુઆરી ૧૯૬૬થી માર્ચ ૧૯૭૭ દરમિયાન દેશનું સર્વોચ્ચ પદ એવુ પ્રધાનમંત્રીનું પદ સંભાળ્યું હતું. તે દરમિયાન જ સપ્ટેમ્બર, ૧૯૬૭થી માર્ચ ૧૯૭૭ દરમિયાન પરમાણું ઉર્જામંત્રી પદ પણ સંભાળ્યું હતું. પાંચ સપ્ટેમ્બર ૧૯૬૭થી ૧૪ ફેબ્રુઆરી, ૧૯૬૯ દરમિયાન તેમણે વિદેશ મંત્રાલયનો વધારાનો હવાલો પણ સંભાળ્યો હતો. જૂન ૧૯૭૦થી નવેમ્બર ૧૯૭૩ દરમિયાન તેમણે અંતરિક્ષ મંત્રીપદ પણ સંભાળ્યું હતું. જાન્યુઆરી ૧૯૮૦થી તેમણે આયોજનપંચનું અધ્યક્ષપદ સંભાળ્યું હતું. ૧૪ જાન્યુઆરી, ૧૯૮૦થી તેમણે પ્રધાનમંત્રી પદ ફરીથી સંભાળ્યું હતું.

શ્રીમતી ઇન્દિરા ગાંધી કમલા નહેરુ મેમોરિયલ હોસ્પિટલ, ગાંધી સ્મારક નિધી અને કસ્તુરબા ગાંધી સ્મારક ટ્રસ્ટ સહિતના સંગઠનો અને સંસ્થાઓ સાથે સંકળાયેલા રહ્યા હતા. તેમણે સ્વરાજ ભવન ટ્રસ્ટનું અધ્યક્ષપદ પણ સંભાળ્યું હતું. તેઓ ૧૯૫૫માં બાળ સહયોગ, બાળભવન બોર્ડ અને રાષ્ટ્રીય બાળ મ્યુઝિયમ સાથે પણ સંકળાયેલા રહ્યા હતા. શ્રીમતી ગાંધીએ અલ્હાબાદમાં કમલા નહેરુ વિદ્યાલયની સ્થાપના કરી હતી. તેઓ ૧૯૬૬-૭૭ દરમિયાન જવાહરલાલ નહેરુ યુનિવર્સિટી અને ઉત્તર-પૂર્વ યુનિવર્સિટી જેવા મોટી સંસ્થાઓ સાથે પણ સંકળાયેલા રહ્યા હતા. તેમણે દિલ્હી યુનિવર્સિટી કોર્ટ, યુનેસ્કો ખાતેના ભારતીય પ્રતિનિધીમંડળ (૧૯૬૦-૬૪)ના સભ્યપદે પણ સેવા આપી હતી. તેમણે ૧૯૬૦-૬૪ દરમિયાન એક્ઝિક્યુટીવ બોર્ડ ઓફ યુનેસ્કો અને ૧૯૬૨માં રાષ્ટ્રીય અધ્યક્ષ પરિષદના સભ્યપદે પણ સેવા આપી હતી. તેઓ સંગીત નાટક અકાદમી, રાષ્ટ્રીય એકતા પરિષદ, હિમાલયન પર્વતારોહણ સંસ્થા, દક્ષિણ ભારત હિન્દી પ્રચારસભા, નહેરુ સ્મારક મ્યુઝિયમ, લાયબ્રેરી સોસાયટી


અને જવાહરલાલ નહેરુ સ્મારક ભંડોળ સાથે પણ સંકળાયેલા રહ્યા હતા. ઓગસ્ટ ૧૯૬૪માં રાજ્યસભાના સભ્યપદે ચૂંટાઇ આવ્યા પછી શ્રીમતી ઇન્દિરા ગાંધીએ ફેબ્રુઆરીએ ૧૯૬૭ સુધી રાજ્યસભામાં સેવા આપી હતી. તેઓ ચોથી, પાંચમી અન છઠ્ઠી લોકસભા દરમિયાન લોકસભાના સભ્ય હતા. સાતમી લોકસભામાં તેઓ જાન્યુઆરી ૧૯૮૦માં રાયબરેલી (ઉત્તર પ્રદેશ) અને મેડક (આંધ્ર પ્રદેશ)ની બેઠક પરથી ચૂંટાઇ આવ્યા હતા. તેમણે રાયબરેલી બેઠક ખાલી કરીને મેડક બેઠક જાળવી રાખી હતી. તેઓ ૧૯૬૭-૭૭ અને ફરી જાન્યુઆરી ૧૯૮૦માં કોંગ્રેસ સંસદીય પાર્ટીના નેતાપદે પસંદ થયાં હતા.

તેઓ અનેક વિષયમાં રૂચિ ધરાવતા રહ્યા હતા. વિવિધ પ્રક્રિયાના જીવનની ગૂંથણીનો ભાગ જ ગણતા હતા. પ્રવૃતિ અને રૂચિને છૂટા ન પાડી શકાય તેવું તેમનું દ્રઢપણે માનવું હતું. તેમને અનેક સિદ્ધિઓ પ્રાપ્ત થઇ હતી. ૧૯૭૨માં તેમને ભારત રત્ન તેમજ બાંગ્લાદેશની મુક્તિ બદલ મેક્સિકન એકેડેમી એવોર્ડથી નવાજવામાં આવ્યા હતા. ૧૯૭૩માં દ્વિતીય વાર્ષિક મેડલ એફ.એ.ઓ તેમજ ૧૯૭૬માં નાગરી પ્રચારિણી સભ્ય દ્વારા સાહિત્ય વાચસ્પતિ (હિન્દી) પુરસ્કારથી નવાજવામાં આવ્યા હતા. ૧૯૫૩માં તેમને અમેરિકાના મધર્સ એવોર્ડ, રાજદ્વારી ક્ષેત્રે નોંધપાત્ર કામગીરી બદલ ઇટાલીના ઇસાબેલા ડી એસ્ટે તેમજ યુલે યુનિવર્સિટીના હોવલેન્ડ મેમોરિયલ પ્રાઇઝથી નવાજવામાં આવ્યા હતા. એક ફ્રેન્ચ સંસ્થા દ્વારા થતાં રહેલા સર્વેક્ષણ મુજબ ૧૯૬૭ અને ૧૯૬૮માં એમ સતત બે વર્ષ સુધી તેઓ ફ્રાન્સમાં સૌથી વધુ પ્રશંસાપાત્ર નારી તરીકે લોકપ્રિય રહ્યા હતા. ૧૯૭૧માં હેલેપ દ્વારા અમેરિકામાં થેયલા એક ખાસ સર્વેક્ષણ મુજબ તેઓ વિશ્વમાં સૌથી વધુ પ્રશંસાપાત્ર વ્યક્તિ જાહેર થયાં હતા. પશુ સરંક્ષણ મોરચે નિભાવેલી કામગીરી બદલ ૧૯૭૧માં તેમને આર્જેન્ટિનાની સોસાયટીએ ડિપ્લોમાં ઓફ ઓનરથી નવાજ્યા હતા.

તેમના જાણીતા પ્રકાશનોમાં 'ધ ચર ઓફ ચેલેન્જ' (૧૯૬૬-૭૨), ' ધ ચર ઓફ એન્ડેવર' (૧૯૬૯-૭૨), 'ઇન્ડિયા' (લંડન) (૧૯૭૫) તેમજ ૧૯૭૯માં પ્રકાશિત 'ઇન્ડે (લેસાને)' નો સમાવેશ થાય છે. આ ઉપરાંત તેમના અનેક વકતવ્ય અને લેખનનું પ્રકાશન થયું હતું. તેમણે ભારત અને વિદેશોમાં વ્યાપક પ્રવાસ ખેડ્યો હતો. તેમણે અફઘાનિસ્તાન, બાંગ્લાદેશ, ભૂટાન, ચીન, નેપાળ અને શ્રીલંકા જેવા પાડોશી દેશોની પણ મુલાકાત લીધી હતી.

તેમણે ફ્રાન્સ, જર્મન ડેમોક્રેટિક રિપબ્લિકન, ફેડરલ રિપબ્લિક ઓફ જર્મની, ગુઆના, હંગેરી,ઇરાન, ઇરાક અન ઇટાલી સહિતના દેશોનો પ્રવાસ ખેડ્યો હતો. તેમણે અલ્જિરીયા, આર્જેન્ટીના, ઓસ્ટ્રેલિયા, ઓસ્ટ્રીયા, બેલ્જિયમ, બ્રાઝિલ, બલ્ગેરિયા, કેનેડા, ચિલી, ચેકોસ્લોવેકિયા, બોલિવિયા

અને ઇજિપ્તની પણ મુલાકાત લીધી હતી. તેમણે ઇન્ડોનેશિયા, જાપાન, મોરેશિયસ, મેક્સિકો, નેધરલેન્ડ, ન્યૂઝીલેન્ડ, યુ.એસ.એસ.આર, બ્રિટન અને અમેરિકા સહિતના સંખ્યાબંધ યુરોપીય, અમેરિકા અને એશિયન દેશોની મુલાકાત લીધી હતી. સંયુકત રાષ્ટ્રોના મુખ્યમથકે પણ તેમણે પોતાની ઉપસ્થિતિની નોંધ લેવડાવી હતી.



**શ્રી મોરારજી દેસાઇ**

March ૨૪, ૧૯૭૭ - July ૨૮, ૧૯૭૯ | Janata Party

શ્રી મોરારજી દેસાઇનો ગુજરાતના વલસાડ જિલ્લાના ભંડેલી ગામે ૨૯ ફેબ્રુઆરી ૧૮૯૬ના રોજ જન્મ થયો હતો. તેમના પિતા શાળા શિક્ષક હતા અને કડક અનુશાસનમાં માનતા હતા. બાળપણથી જ મોરારજી દેસાઇ તેમના પિતા પાસેથી કઠોર પરિશ્રમ અને કોઇ પણ સંજોગોમાં સત્યને વળગી રહેવાના મૂલ્યો શીખ્યા હતા. તેમણે સેન્ટ બુસર હાઇસ્કૂલમાં શિક્ષણ મેળવીને મેટ્રિક ઉત્તીર્ણ કર્યું હતું. ૧૯૧૮માં તત્કાલિન બોમ્બે પ્રોવિન્સની વિલ્સન સિવિલ સર્વિસમાંથી સ્નાતક પદવી મેળવીને તેમણે ૧૨ વર્ષ સુધી નાયબ કલેક્ટરપદે સેવા આપી હતી.

૧૯૩૦માં ભારતમાં મહાત્મા ગાંધી દ્વારા છેડાયેલા સ્વાધીનતા સંગ્રામ વચ્ચે શ્રી દેસાઇએ બ્રિટિશ ન્યાયમાંથી શ્રદ્ધા ગુમાવી દીધી હતી અને સ્વાધિનતા સંગ્રામમાં ઝુકાવવા સરકારી સેવામાંથી ત્યારપત્ર આપી દીધું હતું. આ એક કઠોર નિર્ણય હતો પરંતુ શ્રી દેસાઇને લાગ્યું હતું કે દેશનો પ્રશ્ન હોય ત્યારે કુટુંમ્બને સંબંધિત સમસ્યાઓ ગૌણ બની જતી હોય છે.

સ્વાતંત્ર્ય ચળવળ દરમિયાન શ્રી દેસાઇ જેલમાં ગયા હતા. ૧૯૩૧માં તેઓ અખિલ ભારત કોંગ્રેસ સમિતિના સભ્ય બન્યા હતા અને ૧૯૩૭ સુધી ગુજરાત કોંગ્રેસ સમિતિના મંત્રી રહ્યા હતા. ૧૯૩૭માં પ્રથમ કોંગ્રેસ સરકાર રચાઇ ત્યારે શ્રી દેસાઇ બોમ્બે પ્રોવિન્સના બી.જી.ખેરના નેતૃત્વમાં બનેલા મંત્રીમંડળમાં મહેસૂલ, કૃષિ, જંગલ અને સહકારમંત્રી બન્યા હતા. ૧૯૩૯માં લોકોની મંજૂરી વિના જ ભારત વિશ્વયુદ્ધમાં જોતરાતા કોંગ્રેસના મંત્રીઓએ પદ છોડી દીધા હતા. મહાત્મા ગાંધી દ્વારા વ્યકિતગતરૂપે હાથ ધરાયેલા સત્યાગ્રહમાં ભાગ લેતા શ્રી દેસાઇની ધરપકડ થઇ હતી અને ઓકટોબર, ૧૯૪૧માં તેમને મુકત કરવામાં આવ્યા હતા. ઓકટોબર ૧૯૪૨માં કવીટ ઇન્ડિયા મુવમેન્ટ સમયે તેમને ફરી અટકમાં લેવામાં આવ્યા હતા અને ૧૯૪૫માં તેમને મુકત કરવામાં આવ્યા હતા. ૧૯૪૬માં રાજ્ય વિધાનસભાની ચૂંટણીઓ પછી તેઓ મુંબઇમાં ગૃહ અને મહેસૂલમંત્રી બન્યા હતા. મંત્રી તરીકેની આ મુદત તેમણે અનેક દુરોગામી જમીન મહેસૂલ સુધારા કરતાં જમીન ધારણ કરવાના અધિકાર મોરચે સુરક્ષા પ્રદાન કરતી જોગવાઇ કરી હતી અને આગળ જતાં ખેડે તેની જમીન સુધી એ અધિકારો લંબાયા હતા. પોલીસ વહિવટ મોરચે તેમણે પ્રજા અને પોલીસ વચ્ચેના સીમાડા દૂર કર્યા હતા. લોકોના જામમાલની રક્ષા માટે પોલીસ વહિવટીતંત્ર વધુ જવાબદાર બન્યું હતું. ૧૯૫૨માં તેઓ બોમ્બેના ચીફ મિનિસ્ટર બન્યા હતા.

રાજ્યખેતી પુનઃ રચના પછી શ્રી દેસાઇ ૧૪ નવેમ્બર, ૧૯૫૬માં કેન્દ્રીય કેબિનેટમાં વાણિજ્ય અને ઉધોગમંત્રીપદે જોડાયા હતા. ત્યાર બાદ ૨૨ માર્ચ, ૧૯૫૮માં તેમણે નાણામંત્રાલયનો કાર્યભાર સંભાળ્યો હતો.

શ્રી દેસાઇ પોતે જે પ્રકારનું આર્થિક આયોજન અને મહેસૂલી વહિવટી તંત્ર ઇચ્છતા હતા એ દિશામાં પગલા પણ લીધા હતા. સંરક્ષણ અને વિકાસની જરૂરિયાતોને પહોંચી વળવા માટે તેમણે મહેસૂલી આવક વધારી હતી. ખોટા ખર્ચા ઘટાડ્યા હતા અને સરકારના વહિવટી ખર્ચમાં કામ મૂક્યો હતો. નાણાંકિય અનુભવ બળે નાણાકિય ખાધની સપાટી ખૂબ નીચી રાખી હતી. સમાજમાં વિશેષાધિકાર ધરાવતા વર્ગનો છેલબટાઉ જીવનશૈલીને તેઓ અંકુશમાં લાવ્યા હતા. ૧૯૬૩માં કામરાજ યોજના મુજબ તેમણે કેન્દ્રીય કેબિનેટમાંથી રાજીનામું આપી દીધું હતું. પ્રધાનમંત્રી પદે

પંડિત જવાહરલાલ નહેરુના અનુગામી બની રહેલા લાલ બહાદુર શાસ્ત્રીએ તેમને ફરીથી વહીવટી સુધારાપંચનું અધ્યક્ષપદ સંભાળવા સમજાવ્યા હતા. જાહેરજીવનનો તેમને બહોળો અનુભવ આ સમયે કામ લાગ્યો હતો.

૧૯૬૭માં શ્રી દેસાઇ શ્રીમતી ઇન્દિરા ગાંધીની કેબિનેટમાં નાયબ પ્રધાનમંત્રી તરીકે જોડાયા હતા અને નાણામંત્રાલયનો હવાલો સંભાળ્યો હતો. જુલાઇ, ૧૯૬૯માં શ્રીમતી ઇન્દિરા ગાંધીએ તેમની પાસેથી નાણા મંત્રાલય પાછું ખેંચી લીધું હતું. તેઓ માનતા હતા કે મંત્રીઓના ખાતા ફેરબદલ કરવાનો પ્રધાનમંત્રીનો અધિકાર છે પરંતુ નિર્ણય લેતા પહેલા તેમનો સંપર્ક કરવાનું સૌજન્ય પણ દાખવવામાં નહોતું આવ્યું. આ સંજોગોમાં તેમનું આત્મગૌરવ હણાવાનો અહેસાસ થતાં ભારતના નાયબ પ્રધાનમંત્રીપદેથી ત્યાગપત્ર આપવા સિવાય તેમની પાસે કોઇ વિકલ્પ બચ્યો નહોતો.


૧૯૬૯માં કોંગ્રેસ પક્ષના ભાગલા પડતાં શ્રી દેસાઇ સંસ્થા કોંગ્રેસ સાથે સંકળાયેલા રહ્યા હતા. તેમણે વિરોધ પક્ષના નેતાની અગ્રણી ભૂમિકા અદા કરી હતી. ૧૯૭૫માં વિસર્જીત ગુજરાત વિધાનસભાની ચૂંટણીની માગણી સાથે તેઓ અચોક્કસ મુદતના ઉપવાસ પર બેઠા હતા. તેમના આ ઉપવાસને કારણે જ જૂન, ૧૯૭૫માં ચૂંટણીઓ યોજાઇ હતી. નવા ગૃહમાં ચાર વિરોધપક્ષના બનેલા જનતા મોરચા અને તેને સમર્થન આપી રહેલા અપક્ષ સભ્યોની મદદથી સરકારને સ્પષ્ટ બહુમતી પ્રાપ્ત થઇ હતી. અલ્હાબાદ હાઇકોર્ટે લોકસભામાંથી શ્રીમતી ઇન્દિરા ગાંધીની ચૂંટણીને રદ કરતાં શ્રી દેસાઇને લાગ્યું હતું કે લોકશાહી સિદ્ધાંતો મુજબ શ્રીમતી ઇન્દિરા ગાંધીએ ત્યારપત્ર આપી દેવું જોઇએ. દેશમાં કટોકટી લદાતા ૨૬ જૂન, ૧૯૭૫માં શ્રી દેસાઇની ધરપકડ કરીને તેમને અટકમાં લેવામાં આવ્યા હતા. એકાંતવાસમાં રાખીને ૧૮ જાન્યુઆરી, ૧૯૭૭ના રોજ અર્થાત લોકસભાની ચૂંટણીના આયોજનનો નિર્ણય લેવાતા પહેલા જ તેમને મુક્ત કરવામાં આવ્યા હતા. તેમણે દેશભરનો પ્રવાસ ખેડીને પ્રચાર કર્યો હતો અને છઠ્ઠી લોકસભા માટે માર્ચ, ૧૯૭૭માં યોજાયેલી સામાન્ય ચૂંટણીમાં જનતા પાર્ટીને વિજય અપાવવામાં તેમની મોટી ભૂમિકા હતી. શ્રી મોરારજી દેસાઇ પોતે ગુજરાતની સૂરત બેઠક પરથી લોકસભામાં ચૂંટાઇને આવ્યા હતા. ત્યાર બાદ જનતા પાર્ટીના નેતાપદે સર્વાનુંમતે ચૂંટાતા ૨૪ માર્ચ, ૧૯૭૭ના રોજ તેમણે ભારતના પ્રધાનમંત્રી પદે શપથ લીધા હતા.

૧૯૧૧માં શ્રી દેસાઇ અને ગુજરાબેનના લગ્ન થયા હતા. તેમના પાંચ સંતાનો પૈકી એક પુત્રી અને એક પુત્ર હાલ હયાત છે.

પ્રધાનમંત્રી શ્રી દેસાઇએ સ્થિતિને જોવા તત્પર હતા કે ભારતના લોકો એટલા ભયમુક્ત હોવા જોઇએ કે દેશની સર્વોચ્ચ વ્યક્તિ પણ ભૂલ કરે તો નબળામાં નબળો વ્યક્તિ પણ એ દિશામાં

અંગૂલીનિર્દેશ કરવા સક્ષમ હોવો જોઇએ. તેઓ વારંવાર કહેતા કે ‘કોઇ પણ નહીં, દેશના પ્રધાનમંત્રી પણ દેશના કાયદાથી પર ના હોવો જોઇએ.’

તેમન માટે સત્ય જ શ્રેષ્ઠ રહ્યું હતું. તેમણે પોતાના સિદ્ધાંતોને કદી પરિસ્થિતિને વશ નહોતા થવા દીધા. અત્યંત વિકટ સંજોગોમાં પણ તેઓ પોતાના સિદ્ધાંતોને વળગી રહ્યા હતા. તેઓ પોતે જ કહેતા હતા કે “પ્રત્યેકે જીવનમાં સત્ય અને શ્રદ્ધા મુજબ વ્યવહાર કરવો જોઇએ.”



**શ્રી ચરણસિંહ**

July ૨૮, ૧૯૭૯ - January ૧૪, ૧૯૮૦ | Janata Party

શ્રી ચરણસિંહનો જન્મ ૧૯૦૨માં ઉત્તરપ્રદેશના મેરઠના નુરપુર ગામે એક મધ્યમવર્ગના પરિવારમાં થયો હતો. ૧૯૨૩માં વિજ્ઞાન વિદ્યાશાખામાં સ્નાતકની પદવી મેળવીને તેમણે ૧૯૨૫માં આગ્રા યુનિવર્સિટીમાંથી અનુસ્નાતક પદવી મેળવી હતી. કાયદાશાસ્ત્રમાં તાલીમ મેળવીને તેમણે ગાઝિયાબાદ ખાતે પ્રેક્ટિસ શરૂ કરી હતી. ૧૯૨૯માં મેરઠમાં પાછા ફર્યા અને કોંગ્રેસમાં જોડાયા હતા. ૧૯૩૭માં તેઓ છપરોલી બેઠક પરથી ઉત્તરપ્રદેશ વિધાનસભામાં ચૂંટાઇ આવ્યા હતા. ત્યાર બાદ ૧૯૪૬, ૧૯૫૨, ૧૯૬૨,૧૯૬૭માં પણ એ મતક્ષેત્રનું પ્રતિનિધિત્વ કર્યું હતું. ૧૯૪૬માં ગોવિંદ વલ્લભ પંતની સરકારમાં સંસદીય મંત્રીપદ ઉપરાંત તેમણે મહેસૂલ, તબીબી અને જાહેર આરોગ્ય, ન્યાય,

માહિતી, વગેરે વિભાગોમાં કામગીરી કરી હતી. જૂન ૧૯૫૧માં રાજ્યમાં કેબિનેટ મંત્રી બનાવીને તેમને ન્યાય અને માહિતી વિભાગ સોંપવામાં આવ્યા હતા. ૧૯૫૨માં ડો.સંપૂર્ણાનંદ પ્રધાનમંડળમાં તેઓ મહેસૂલ અને કૃષિ કેબિનેટ મંત્રી રહ્યા હતા. એપ્રિલ, ૧૯૫૯માં તેમણે મંત્રીપદેથી રાજીનામું આપ્યું ત્યારે મહેસૂલ અને પરિવહન વિભાગનો હવાલો સંભાળી રહ્યા હતા. ૧૯૬૦માં શ્રી સી.બી. ગુપ્તાના મંત્રીમંડળમાં તેમણે ગૃહ અને કૃષિમંત્રીપદ સંભાળ્યું હતું. ૧૯૬૨-૬૩માં શ્રીમતી સૂચેતા ક્રિપલાની મંત્રાલયમાં ચૌધરી ચરણસિંહે કૃષિ અને જંગલમંત્રી પદ સંભાળ્યું હતું. ૧૯૬૫માં કૃષિ વિભાગ ત્યજીને ૧૯૬૬માં સ્થાનિક સ્વરાજ સંસ્થાઓનો વિભાગ સંભાળ્યો હતો.

કોંગ્રેસના ભાગલા પડતાં ફેબ્રુઆરી ૧૯૭૦માં તેઓ કોંગ્રેસના સમર્થનથી બીજી વાર ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી બન્યા હતા. જોકે રાજ્યમાં બે ઓકટોબર, ૧૯૭૦ના રોજ રાષ્ટ્રપતિ શાસન અમલી બન્યું હતું.

અનેક પદ પર રહીને ઉત્તરપ્રદેશની સેવા કરી ચૂકેલા પોતાના કઠોર પરિશ્રમ બદલ જાણીતા હતા. વહીવટીતંત્રની બિનકાર્યક્ષમતા અને ભષ્ટાચારને તેઓ લેશમાત્ર સાંખી લેતા નહોતા. સંસદીય અને વ્યવહારુ વલણ વસેલું હોવા ઉપરાંત વકતવ્યની છટા અને પ્રતિબદ્ધતા માટે હિંમત દાખવવા બદલ પણ તેઓ જાણિતા હતા.

તેઓ ઉત્તરપ્રદેશમાં થયેલા જમીન સુધારણાના શિલ્પી હતી. જમીન સુધારણા વિભાગની રચના અને તેને અંતિમ ઓપ આપવામાં શ્રી ચૌધરી ચરણસિંહની મહત્વની ભૂમિકા રહી. તેમણે કરેલી પહેલને પગલે જ ઉત્તરપ્રદેશમાં મંત્રીઓ દ્વારા મેળવાતા ઉંચા વેતનો અને અન્ય અધિકારો પર કાપ મૂકાયો હતો. મુખ્યમંત્રી હોવાની રૂએ તેમણે ‘લેન્ડ હોલ્ડિંગ એકટ, ૧૯૬૦, અમલી બનાવવા સઘન ભૂમિકા અદા કરી હતી. રાજ્યમાં સમાનતાનું વાતાવરણ ઉભું કરવા લેન્ડ હોલ્ડિંગની મર્યાદાને નીચી લાવવા આ કાયદો અમલી બનાવવામાં આવ્યો છે.

પાયાની લોકપ્રિયતા ધરાવતા હોવાને મુદ્દે દેશના ગણતરીના નેતાઓ જ ચૌધરી ચરણસિંહ સાથે તુલનામાં આવી શકે. સમર્પિત, જાહેર સેવક અને સામાજિક ન્યાયમાં શ્રદ્ધા ધરાવતા ચૌધરી ચરણસિંહ લાખ્ખો ગ્રામીણજનોનો વિશ્વાસ ધરાવતા હતા અને એ જ તેમની તાકાત હતી.

ચૌધરી ચરણસિંહ સાદગીપૂર્ણ જીવન જીવ્યા હતા અને ફાજલ સમયનો ઉપયોગ વાંચન-લેખન પાછળ કરતાં હતા. ‘જમીનદારી નાબૂદી’, ‘સહકારી ખેતી એકસ-રે’, ‘ભારતની ગરીબી અને સમાધાન’, ગ્રામીણોની માલિકી અથવા કામદારોની જમીન સહિત અનેક પુસ્તકો અને ચોપાનિયાના તેઓ લેખક રહ્યા હતા.



**શ્રી રાજીવ ગાંધી**

October ૩૧, ૧૯૮૪ - December ૨, ૧૯૮૯ | Congress (I)

શ્રી રાજીવ ગાંધી ૪૦ વર્ષની વયે ભારતના સૌથી યુવાન પ્રધાનમંત્રી બન્યા હતા. તેઓ કદાચ વિશ્વમાં એક સરકારના સૌથી નાની વયના ચૂંટાયેલા વડા બની રહ્યા હતા. તેમના માતા ઇન્દિરા ગાંધી ૧૯૬૬માં પ્રથમવાર પ્રધાનમંત્રી બન્યા ત્યારે ૪૮ વર્ષના હતા. સ્વતંત્ર ભારતના પ્રથમ પ્રધાનમંત્રી તરીકે રાજીવના નાના પંડિત જવાહરલાલ નહેરુએ પ્રધાનમંત્રી પદની ૧૭ વર્ષની કારકિર્દીનો પ્રારંભ કર્યો ત્યારે તેઓ ૫૮ વર્ષના હતા.

દેશમાં પેઢીગત પરિવર્તન લાવનારા રાજીવ ગાંધીને દેશના ઇતિહાસમાં સૌથી જંગી બહુમતી પ્રાપ્ત થઇ હતી. હત્યાના ભોગ બનેલા તેમના માતા ઇન્દિરા ગાંધીના રાષ્ટ્રીય શોકની અવધી પૂરી થતાં જ

સંસદના સીધા ચૂંટાયેલા સભ્યોથી રચાતા લોકસભા ગૃહ માટે સામાન્ય ચૂંટણીના આદેશ આપ્યા હતા. તે ચૂંટણીમાં કોંગ્રેસને ભૂતકાળની ચૂંટણીઓની તુલનામાં ઉંચા પ્રમાણમાં મત મળતાં લોકસભાની કુલ ૫૦૮ પૈકી ૪૦૧ બેઠકો પર કબજો કર્યો હતો.

૭૦ કરોડ ભારતીયોના નેતા તરીકે તેમણે કરેલી પ્રભાવશાળી શરૂઆતને કોઇ પણ સંજોગોમાં નોંધપાત્ર જ કહી શકાય. રાજીવ ગાંધીની ખાસ વિશેષતા એ રહી છે કે તેઓ ચાર સદી સુધી ભારતની સેવા કરનારા એક રાજકારણી પરિવારમાંથી આવતા હોવા છતાં રાજકારણમાં પ્રવેશ કરવા નહોતા માગતા અને પ્રવેશ પણ મોડો જ કર્યો હતો. તેમના પરિવારનું સ્વાતંત્ર્ય સંગ્રામ અને તે પછી પણ દેશને મોટું પ્રદાન રહ્યું હતું.

રાજીવ ગાંધીનો ૨૦ ઓગસ્ટ, ૧૯૪૪ના રોજ મુંબઇમાં જન્મ થયો હતો. ભારત આઝાદ થયું અને તેમના નાના દેશના પ્રધાનમંત્રી બન્યા ત્યારે તેઓ ત્રણ જ વર્ષના હતા. તેમના માતા પિતાએ લખનઉ છોડીને નવી દિલ્હીમાં વસવાટ કરવાનું શરૂ કર્યું હતું. તેમના પિતા ફિરોઝ ગાંધીએ સાંસદ બનીને એક નીડર અને પરિશ્રમી સાંસદ તરીકેની ખ્યાતિ મેળવી હતી.

રાજીવ ગાંધીએ પોતાનું બાળપણ પોતાના નાના સાથે ત્રિમૂર્તિ ભવનમાં પસાર કર્યું હતું. ઇન્દિરા ગાંધી તે સમયે પ્રધાનમંત્રીના ઘરની સંભાળ લેતા હતા. આરંભે ટૂંક સમયમાં દહેરાદૂન ખાતેની વેલ્હામ પ્રેપ શાળામાં અભ્યાસ કર્યા બાદ તરત તેઓએ હિમાલયની તળેટીમાં આવેલી નિવાસી દૂન સ્કૂલમાં પ્રવેશ મેળવ્યો હતો. તે સ્કૂલમાં જ તેમને પોતાના જીવનભરના અનેક મિત્રો મળ્યા હતા. આગળ જતાં નાનાભાઇ સંજય પણ એ જ શાળામાં જોડાયા હતા.

શાળા અભ્યાસ પૂરો કર્યા પછી તેઓ કેમ્બ્રિજની દ્રિતીય કોલેજમાં જોડાયા હતા પરંતુ ટૂંક સમયમાં જ તેમણે કોલેજ છોડીને લંડન ખાતેની ઇમ્પિરિયલ કોલેજમાં પ્રવેશ મેળવ્યો હતો. તેમણે મિકેનીકલ અન્જિનીયરીંગ શાળામાં અભ્યાસ કર્યો હતો.

એ વાત સ્પષ્ટ હતી કે તેમને રાજકારણને કારકિર્દી તરીકે અપનાવવામાં રસ નહોતો. તેમના વર્ગખંડના સાથી મિત્રોના જણાવ્યા મુજબ તેમની પુસ્તકની છાજલી દર્શનશાસ્ત્ર, રાજકારણ અને ઇતિહાસના પુસ્તકોથી નહીં પરંતુ વિજ્ઞાનના અને ઇજનેરશાસ્ત્રના પુસ્તકોથી લદાયેલી રહેતી હતી. સંગીતમાં રૂચિ લેવામાં પણ તેઓ ગૌરવ અનુભવતા હતા. તેઓને પશ્ચિમી, શાસ્ત્રીય અને આધુનિક સંગીત પણ ગમતું હતું. ફોટોગ્રાફી અને એમેચ્યોર રેડિયોમાં પણ તેમની રૂચિ રહી હતી. અકાશમાં ઉડાન ભરવામાં તેમને ખાસ રૂચિ હતી. તેથી જ ઇંગ્લેન્ડથી સ્વદેશ પાછા ફરતં તેમણે દિલ્હી ફ્લાઇંગ કલબની પ્રવેશ કસોટી ઉત્તીર્ણ કરીને કોમર્શિયલ પાયલોટનું લાઇસન્સ મેળવ્યું હતું. તેમાં

આશ્ચર્ય પામવા જેવું કાંઇ જ નહોતું. ટૂંકમાં જ તેઓ રાષ્ટ્રીય વિમાની સેવા ઇન્ડિયન એરલાઇન્સના પાયલોટ બન્યા હતા.

તેમના કેમ્બ્રિજના અભ્યાસકાળ દરમિયાન ઇટાલીના વતન સોનિયા માઇનો સાથે તેમની મુલાકાત થઇ હતી. સોનિયા અંગેજીનો અભ્યાસ કરી રહ્યા હતા. ૧૯૬૮માં નવી દિલ્હી ખાતે રાજીવ ગાંધી અને સોનિયા લગ્નગ્રંથિથી જોડાયા હતા. પોતાના સંતાનો રાહુલ અને પ્રિયંકા સાથે તેઓ નવી દિલ્હીમાં શ્રીમતી ઇન્દિરા ગાંધી સાથે જ રહેતા હતા. ચોમેર ચાલી રહેલી ભરચક રાજકિય પ્રવૃત્તિઓ વચ્ચે તેઓ પોતાની અંગત જિંદગી જીવી રહ્યા હતા.

પરંતુ ૧૯૮૦ના વિમાન અકસ્માતમાં તેમના ભાઇ સંજયના થયેલા અચાનક મૃત્યુએ તેમના જીવનમાં પલટો લાવ્યો હતો. માતા પરના સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય રાજકારણના બોજમાં તેમની મદદ કરવા માટે રાજીવ ગાંધી પર પણ રાજકારણ પ્રવેશનું દબાણ વધવા લાગ્યું. આરંભ તો રાજકારણમાં પ્રવેશ માટેના આ દબાણનો તેમણે સામનો કર્યો પરંતુ અંતે એ તર્કસંગત રાહ અપનાવવા ઝૂકી ગયા હતા. પોતાના ભાઇના મૃત્યુંને કારણે જ ખાલી પડેલી ઉત્તર પ્રદેશની અમેઠી બેઠક પર તેઓ પેટાચૂંટણી જીતી ગયા હતા.

નવેમ્બર ૧૯૮૨માં ભારતે એશિયન ગેમ્સનું યજમાનપદ સંભાળતા સ્ટેડિયમ અને અન્ય માળખાકિય સુવિધા ઉભી કરવા એક વર્ષ પહેલા આપેલું વચન પૂરૂં કરવાનું હતું. આ કામગીરી સમયસર પૂરી કરવા માટે અને રમતોત્સવ કોઇપણ અવરોધ કે ક્ષતિ વગર સંપન્ન થાય તે અંગેની જવાબદારી રાજીવ ગાંધીને સોંપવામાં આવી હતી. આ પડકારરૂપ કામ કરતી વખતે જ તેમણે કાર્યદક્ષતા અને સંગઠનની ક્ષમતાનો પરિચય આપ્યો હતો. એ જ પ્રમાણે કોંગ્રેસના મહામંત્રીપદ સંભાળતા તેમણે પક્ષના સંગઠનને ઉર્જાવાન બનાવવામાં મહત્વની ભૂમિકા નિભાવી હતી. આ તમામ ગુણવત્તાઓ આગળ જતાં કસોટીની એરણ પર ચઢતી રહી.

૩૧ ઓકટોબર, ૧૯૮૪ના રોજ તેમની માતાની થયેલી ક્રૂર હત્યાના કરુણ સંજોગોમાં પ્રધાનમંત્રી અને કોંગ્રેસના પ્રમુખ એમ બંને પદ સંભાળવા કોઇ પણ વ્યકિત માટે મુશ્કેલ બની રહે છે. છતાં તેમણે નોંધપાત્ર ગૌરવ અને નિયંત્રણ સાથે વ્યકિતગત શોક અને રાષ્ટ્રીય જવાબદારીઓ એમ બંને ભારનું વહન કર્યું હતું

મહિનાભર ચાલેલા ચૂંટણી પ્રચાર દરમિયાન રાજીવ ગાંધીએ દેશના એકખૂણેથી બીજાખૂણે ભ્રમણ કરતાં પૃથ્વીની પરિભ્રમણ કક્ષાના અંતરથી દોઢો પ્રવાસ ખેડ્યો હતો. આ દરમિયાન અનેક સ્થાને મળેલી ૨૫૦ જેટલી બેઠકોમાં લાખ્ખો લોકોને સંબોધ્યા હતા.

આધુનિક વિચારધારા અને નિર્ણાયક મિજાજ ધરાવતા રાજીવ ગાંધી વિશ્વની આધુનિક ટેકનોલોજીથી પરિચીત હતા. તેમણે વારંવાર કહ્યું હતું કે દેશની એકતા અને અખંડિતતા કાયમ રાખવા ઉપરાંત એક હેતુ તે દેશને ૨૧મી સદીમાં પ્રવેશ કરાવવાનો રહેશે.



**શ્રી વિશ્વનાથ પ્રતાપસિંહ**


December ૨, ૧૯૮૯ - November ૧૦, ૧૯૯૦ | Janata Dal

શ્રી વી.પી.સિંહનો જન્મ અલ્હાબાદ ખાતે ૨૫ જૂન, ૧૯૩૧ના રોજ થયો હતો. તેમના પિતાનું નામ રાજાબહાદુર રામગોપાલસિંહ. તેમણે અલ્હાબાદ તેમજ પૂણે યુનિવર્સિટી ખાતે શિક્ષણ મેળવ્યું હતું. ૨૫ જૂન, ૧૯૫૫ના રોજ શ્રીમતી સીતા કુમારી સાથે તેમના લગ્ન થયાં હતા. તેઓ બે પુત્રો ધરાવે છે. પોતાની વિદ્વતા માટે જાણિતા વી.પી.સિંહે અલ્હાબાદ ખાતેના કોરાઓન ખાતે ઇન્ટરમિડિયએટ કોલેજ ગોપાલ વિદ્યાલયની સ્થાપના કરી હતી. ૧૯૪૭-૪૮ દરમિયાન વારાણસીની ઉદય પ્રતાપ કોલેજ વિદ્યાર્થી સંગઠનના તેઓ પ્રમુખ રહ્યા હતા. તેઓ અલ્હાબાદ યુનિવર્સિટી વિદ્યાર્થી સંઘના ઉપપ્રમુખ પણ રહ્યા

હતા. ૧૯૫૭માં ભૂદાન ચળવળમાં સક્રિયપણે ભાગ લઇને અલ્હાબાદ જિલ્લાના પાસાના ખાતેનું ખેતર દાનમાં આપ્યું હતું.

૧૯૬૯-૭૧ દરમિયાન વી.પી.સિંહ અખિલ ભારત કોંગ્રેસ સમિતિ અને અલ્હાબાદ યુનિવર્સિટીની કારોબારીમાં સભ્યપદે હતા. એજ સમયગાળા દરમિયાન ઉત્તર પ્રદેશના વિધાનસભ્ય પણ હતા. ૧૯૭૦-૭૧ દરમિયાન તેઓ કોંગ્રેસ વિધાનસભા પક્ષના વહિવટપદે રહ્યા હતા. ૧૯૭૧-૭૪ દરમિયાન લોકસભાના સભ્યપદે રહ્યા હતા. ઓકટોબર ૧૯૭૪થી નવેમ્બર ૧૯૭૬ દરમિયાન તેમણે કેન્દ્રિય નાયબ વાણિજ્યમંત્રી, નવેમ્બર ૧૯૭૬થી માર્ચ ૧૯૭૭ દરમિયાન કેન્દ્રિય રાજ્યકક્ષાના વાણિજ્યમંત્રીનું પદ સંભાળ્યું હતું. ૩ જાન્યુઆરીથી ૨૬ જાન્યુઆરી ૧૯૬૦ દરમિયાન તેઓ લોકસભાના સભ્યપદે રહ્યા હતા.

૯ જૂન, ૧૯૮૦થી ૨૮ જૂન ૧૯૮૨ દરમિયાન તેમણે ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રીનું પદ સંભાળ્યું હતું. તેઓ ૨૧ નવેમ્બર ૧૯૮૦થી ૧૪ જૂન ૧૯૮૧ દરમિયાન ઉત્તર પ્રદેશ વિધાન પરિષદ અને ૧૫ જૂન, ૧૯૮૧થી ૧૬ જુલાઇ ૧૯૮૩ દરમિયાન ઉત્તર પ્રદેશ વિધાનસભાના સભ્યપદે રહ્યા હતા. ૨૯ જાન્યુઆરી, ૧૯૮૩થી કેન્દ્રિય વાણિજ્યમંત્રી પદનો કાર્યભાર સંભાળ્યા પછી ૧૫ ફેબ્રુઆરી, ૧૯૮૩થી પુરવઠા વિભાગનો વધારાનો કાર્યભાર પણ સંભાળ્યો હતો. ૧૬ જુલાઇ ૧૯૮૩ના રોજ તેઓ રાજ્યસભાના સભ્યપદે ચૂંટાઇ આવ્યા હતા. વી.પી.સિંહ ૧ સપ્ટેમ્બર, ૧૯૮૪ના રોજ ઉત્તર પ્રદેશ કોંગ્રેસ સમિતિના અધ્યક્ષપદે ચૂંટાઇ આવ્યા હતા અને ૩૧ ડિસેમ્બર ૧૯૮૪ના રોજ તેઓ કેન્દ્રિય નાણામંત્રી બન્યા હતા.



**શ્રી ચંદ્રશેખર**

November ૧૦,૧૯૯૦ - June ૨૧,૧૯૯૧ | Janata Dal (S)

શ્રી ચંદ્રશેખરનો જન્મ ૧ જુલાઇ, ૧૯૨૭ના રોજ ઉત્તર પ્રદેશના બલિયા જિલ્લાની ઇબ્રાહિમપટ્ટી ગામમાં થયો હતો. તેમણે ૧૯૭૭થી ૧૯૮૮ દરમિયાન જનતા પાર્ટીનું પ્રમુખપદ સંભાળ્યું હતું. વિદ્યાર્થીકાળથી જ ચંદ્રશેખરને રાજકારણનું આકર્ષણ રહ્યું હતું અને તેઓ એક ક્રાંતિકારી વિચારણા ધરાવતા તેજાબી આદર્શવાદી નેતા તરીકે જાણીતા હતા. અલ્હાબાદ યુનિવર્સિટીમાંથી (૧૯૫૦-૫૧) રાજ્યશાસ્ત્ર વિષયમાં અનુષ્નાતક પદવી મેળવ્યા બાદ તેઓ સમાજવાદી ચળવળમાં જોડાયા હતા. તેમને આચાર્ય નરેન્દ્ર દેવના નિકટના સહવાસી બનીને રહેવાનો અવસર મળ્યો હતો. તેઓ બલિયા

જિલ્લાના પ્રજા સમાજવાદી પક્ષના સંયુક્ત મંત્રીપદે ચૂંટાઇ આવ્યા હતા. ૧૯૫૫-૫૬માં તેઓ ઉત્તર પ્રદેશ રાજ્ય પ્રજા સમાજવાદી પક્ષના મહામંત્રી બની રહ્યા હતા.

૧૯૭૨માં તેઓ ઉત્તર પ્રદેશમાંથી રાજ્યસભામાં ચૂંટાઇ આવ્યા હતા. જાન્યુઆરી ૧૯૬૫માં તેઓ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસમાં જોડાયા હતા. ૧૯૬૭માં તેઓ કોંગ્રેસ સંસદીય પાર્ટીના મહામંત્રીપદે ચૂંટાઇ આવ્યા હતા. એક સંસદસભ્ય તરીકે તેમણે ઝડપથી સામાજિક પરિવર્તન માટેની નીતિઓની હિમાયત કરતાં સમાજના કચડાયેલા વર્ગના પ્રશ્નોને વાચા આપવામા રૂચિ દાખવી હતી. આ સંદર્ભમાં રાજ્યાશ્રયનો ઇજારો ધરાવતા ગ્રહોની વિસંગતતા ભરેલી વૃદ્ધિના મુદ્દે તેમના દ્વારા પ્રહારો થતાં તેમને સત્તાના કેન્દ્રો સાથ સંઘર્ષમાં ઉતરવું પડ્યું હતું.

સ્થાપિત હિતો સામેની લડત માટે તેમના દ્વારા દાખવવામાં આવતી પ્રતિબદ્ધતા અને કિંમતોને કારણે તેમને ‘યંગ તર્ક’ તરીકેની ઓળખ મળી હતી. ૧૯૬૯માં તેમણે નવી દિલ્હીમાં ‘યંગ ઇન્ડિયન’ સાપ્તાહિકની સ્થાપના કરીને તેનું પ્રકાશન શરૂ કર્યું હતું. તેના સંપાદકીયમાં લખતા લખાણને અનેક સ્થાને ટાંકવામાં આવતું હતું. કટોકટી લદાતા (જૂન ૧૯૭૫થી માર્ચ ૧૯૭૭) ‘યંગ ઇન્ડિયન’ સાપ્તાહિક બંધ થયું હતું. ફેબ્રુઆરી ૧૯૮૦માં તેનું ફરી નિયમીત પ્રકાશન શરૂ થયું હતું. શ્રી ચંદ્રશેખર તે સામાયિકના સંપાદકિય સલાહકાર બોર્ડના અધ્યક્ષ હતા.

ચંદ્રશેખર હંમેશાં વિચારધારા અને સામાજિક પરિવર્તન માટેના રાજકારણના હિમાયતી રહ્યા હતા. અને વ્યકિતગત રાજકારણ સામે તેમનો હંમેશાં વિરોધ રહ્યો હતો. ૧૯૭૩- ૭૫ની આંધીના વર્ષો દરમિયાન તેથી જ તેઓ જયપ્રકાશ નારાયણ અને તેમના જીવન પ્રત્યેના આદર્શવાદી દ્રષ્ટિકોણ તરફ ઢળ્યાં હતા. તરત જ તેઓ કોંગ્રેસ પક્ષમાં ઉઠેલા અસંતોષનું કેન્દ્ર બની રહ્યા હતા. ૨૫ જૂન, ૧૯૭૫ના રોજ કટોકટી લદાઇ ત્યારે તેઓ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસની ટોચની કેન્દ્રિય ચૂંટણી સમિતિ અને કારોબારી સમિતિના સભ્ય હોવા છતાં ‘મિસા’ હેઠળ તેમની ધરપકડ થઇ હતી. તત્કાલિન શાસક પક્ષના જે ગણતરીના નેતા કટોકટી દરમિયાન જેલમાં ધકેલાયા હતા તેમાં ચંદ્રશેખરનો સમાવેશ થતો હતો.

તેઓ હંમેશાં સત્તાના રાજકારણને નકારીને લોકશાહી મૂલ્યો અને સામાજિક પરિવર્તનના રાજકારણના વિકલ્પને વરેલા રહ્યા હતા.

કટોકટી લદાયાના સમયમાં તેમણે ગાળેલા કારાવાસ દરમિયાન તેમણે હિન્દીમાં લખેલી ડાયરીનું ‘મેરી જેલ ડાયરી’ના નામે પ્રકાશન થયું હતું. તેમના દ્વારા લખાયેલું પુસ્તક ‘ડાયનેમિકસ ઓફ સોશિયલ ચેન્જ’ પણ ખૂબ જાણીતું છે.

ચંદ્રશેખરે ૬ જાન્યુઆરી ૧૯૮૩થી ૨૫ જૂન ૧૯૮૩ દરમિયાન દક્ષિણના કન્યાકુમારીથી નવી દિલ્હીમાં મહાત્મા ગાંધીની સમાધિ રાજઘાટ સુધીની ૪૨૬૦ કિ.મીની પદયાત્રા પણ કરી હતી. લોકસમૂહ સાથે સંવાદ સાધીને તેમની સમસ્યાઓ જાણવા માટે શ્રી ચંદ્રશેખરે આ પદયાત્રા કરી હતી. દેશના પછાત વિસ્તારોમાં પાયાનું કામ કરવા અને સમાજ સિક્ષણ માટે સામાજિક અને રાજકિય સેવકોને તાલીમ આપવા શ્રી ચંદ્રશેખર કેરળ, તમિલનાડુ, કર્ણાટક, મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશ, ગુજરાત, ઉત્તર પ્રદેશ અને હરિયાણા સહિતના દેશના વિવિધ વિસ્તારોમાં ૧૫ જેટલા ભારતયાત્રા કેન્દ્રોની સ્થાપના કરી હતી. ૧૯૮૪થી ૧૯૮૯ના ટૂંકાગાળાને બાદ કરતાં ચંદ્રશેખર ૧૯૬૨થી સંસદસભ્ય રહ્યા હતા. ૧૯૮૯માં તેઓ પોતાના વતન બલિયા અને પાડોશી રાજ્ય મહારાજગંજ એમ બંને બેઠકો પરથી ચૂંટાઇ આવ્યા પછી તેમણે મહારાજગંજ બેઠક ખાલી કરી હતી.

શ્રી ચંદ્રશેખર શ્રીમતી દુજા દેવી સાથે લગ્નગ્રંથિથી જોડાયા હતા અને પંકજ અને નિરજ નામે બે પુત્રો ધરાવે છે.



**શ્રી પી.વી. નરસિંહા રાવ**

June ૨૧, ૧૯૯૧- May ૧૬, ૧૯૯૬ | Congress (I)

શ્રી પી.વી.નરસિંહા રાવનો જન્મ ૨૫ જૂન, ૧૯૨૧ના રોજ કરીમનગર ખાતે શ્રી પી. રંગારાવને ત્યાં થયો હતો. તેઓએ ઓસ્માનિયા યુનિવર્સિટી, હૈદરાબાદ, મૂંબઇ યુનિવર્સિટી અને નાગપુર યુનિવર્સિટી ખાતે અભ્યાસ કર્યો હતો. વિધુર બનેલા શ્રી પી.વી. નરસિંહા રાવ ત્રણ પુત્રો અને પાંચ પુત્રીઓના પિતા હતા.

ખેડૂત અને ધારાશાસ્ત્રી હોવા સાથે તેઓ રાજકારણમાં જોડાયા હતા અને અનેક મહત્વના પદો સંભાળ્યા હતા. તેઓ આંધ્ર પ્રદેશ સરકારમાં કાયદા અને માહિતી મંત્રી, ૧૯૬૪-૬૭ દરમિયાન કાયદામંત્રી, ૧૯૬૭માં આરોગ્ય અને ઔષધમંત્રી અને ૧૯૬૮-૭૧ દરમિયાન શિક્ષણમંત્રી રહ્યા હતા.

૧૯૭૧થી ૭૩ દરમિયાન તેમણે આંધ્ર પ્રદેશનું મુખ્યમંત્રીપદ સંભાળ્યું હતુ. ૧૯૭૫-૭૬ દરમિયાન અખિલ ભારત કોંગ્રેસ સમિતિના મહામંત્રી, ૧૯૬૮-૭૪ દરમિયાન આંધ્રની તેલુગુ અકાદમીના અધ્યક્ષ, ૧૯૭૨થી દક્ષિણ ભારત હિન્દી પ્રખર સભાના ઉપાધ્યક્ષપદે પણ સેવા આપી હતી. ૧૯૫૭-૭૭ દરમિયાન આંધ્ર પ્રદેશ વિધાનસભાના સભ્ય રહ્યા બાદ ૧૯૭૭-૮૪ દરમિયાન લોકસભાના સભ્ય બન્યા હતા. ડિસેમ્બર ૧૯૮૪માં તેઓ રામટેક બેઠક પરથી આઠમી લોકસભામાં પહોંચ્યા હતા. જાહેર હિસાબ સમિતિના અધ્યક્ષની (૧૯૭૮-૭૯) રૂએ તેમણે લંડન યુનિવર્સિટી ખાતે સ્કૂલ ઓફ એશિયન એન્ડ આફ્રિકા સ્ટડિઝ દ્વારા અયોજિત દક્ષિણ એશિયાની અંગેની પરિષદમાં પણ ભાગ લીધો હતો. શ્રી રાવે ભારતીય વિધાભવનના આંધ્ર કેન્દ્રનું અધ્યક્ષપદપણ સંભાળ્યું હતું. ૧૪ જાન્યુઆરી ૧૯૮૦થી ૧૮ જુલાઇ ૧૯૮૪ દરમિયાન વિદેશમંત્રીપદ , ૧૯ જુલાઇ ૧૯૮૪થી ૩૧ ડિસેમ્બર ૧૯૮૪ દરમિયાન ગૃહમંત્રીપદ તેમજ ૩૧ ડિસેમ્બર, ૧૯૮૪થી ૨૫ સપ્ટેમ્બર ૧૯૮૫ દરમિયાન સરંક્ષણ મંત્રીપદ પણ સભાળ્યું હતું. ત્યાર બાદ ૨૫ સપ્ટેમ્બર, ૧૯૮૫ના રોજ માનવ સંસાધન વિકાસ મંત્રીપદનો હવાલો સંભાળ્યો હતો.

તેઓ સંગીત, સિનેમા અને નાણાક્ષેત્રે પણ રૂચિ ધરાવતા હતા. ભારતીય દર્શન અને સંસ્કૃતિ, નવલકથા અને રાજકિય ટીપ્પણીઓનું લેખનકાર્ય, ભાષા અભ્યાસ, તેલુગુ અને હિન્દીમાં કવિતા લેખન અને સાહિત્ય તેમની રૂચિના ખાસ વિષય હતા. શ્રી વિશ્વનાથ સત્યનારાયણનની પ્રસિદ્ધ તેલુગુ નવલકથા ‘વેચીપદાગાલુ’ તેમણે કરેલા હિન્દી અનુવાદ ‘સહસ્ત્રકણા’નું પ્રકાશન જ્ઞાનપીઠ દ્વારા થયું હતું. પી.વી. નરસિંહા રાવ મરાઠી લેખક હરિનારાયણ આપ્ટેની પ્રસિદ્ધ નવલકથા ‘પણ લક્ષાત કોણ ઘેતા’ના પોતે કરેલા તેલુગુ અનુવાદ ‘અબલા જીવીતમ’ના પ્રકાશનમાં પણ સફળતા મેળવી હતી. કેન્દ્રીય સાહિત્ય અકાદમીએ આ અનુવાદ પ્રકાશિત કર્યો હતો. તેમણે અન્ય જાણિતી કૃતિઓનું પણ મરાઠીમાંથી તેલુગુ અને તેલુગુમાંથી હિન્દી અનુવાદ કર્યું હતું. તેમના પેન નેમથી અનેક સામાયિકોમા લેખો પણ પ્રકાશિત થયાં હતા. રાજ્યશાસ્ત્ર અને સંબંધિત વિષયો તેમણે અમેરિકા અને પશ્ચિમ જર્મનીની યુનિવર્સિટીમાં વ્યાખાનો પણ આપ્યા હતા. વિદેશમંત્રી તરીકે તેમણે ૧૯૭૪માં બ્રિટન, પશ્ચિમ જર્મની, સ્વીટ્ઝર્લેન્ડ, ઇટાલી અને ઇજીપ્તનો પ્રવાસ ખેડ્યો હતો.


વિદેશમંત્રીના રૂપમાં પોતાના કાર્યકાળ દરમિયાન શ્રી રાવ આંતરરાષ્ટ્રીય કૂટનિતીના ક્ષેત્રમાં પોતાની શૈક્ષીક પૃષ્ઠભૂમિ તેમજ રાજનૈતિક તથા વહીવટી અનુભવનો સફળતાપૂર્વક ઉપયોગ કર્યો. પ્રભાર સંભાળ્યાને થોડા જ દિવસોમાં તેમણે જાન્યુઆરી ૧૯૮૦માં નવી દિલ્હીમાં સંયુક્ત રાષ્ટ્ર ઔધૌગિક વિકાસ સંગઠનના તૃતિય સંમેલનની અધ્યક્ષતા કરી. તેમણે માર્ચ ૧૯૮૦માં ન્યૂયોર્કમાં જી-

૭૭ બેઠકની અધ્યક્ષતા કરી. ફેબ્રુઆરી ૧૯૮૧માં બિનજોડાણવાદી દેશોના વિદેશમંત્રીઓના સંમેલનમાં તેમની ભૂમિકા માટે શ્રી રાવે આંતરરાષ્ટ્રીય આર્થિક મુદ્દાઓમાં વ્યકિતગત રૂપથી વિશેષ રસ દર્શાવ્યો હતો. વ્યકિતગત રૂપથી મે, ૧૯૮૧માં કરાકાસમાં ઇસીડીસી પર જી-૭૭ના સંમેલનમાં ભારતીય પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કર્યું હતું.

વર્ષ ૧૯૮૨ અને ૧૯૮૩ ભારત અને તેની વિદેશ નીતિ માટે ખાસ મહત્વપૂર્ણ હતા. ખાડી યુદ્ધ દરમિયાન બિનજોડાણવાદી અભિયાનનું સાતમું સંમેલન ભારતમાં થયું. તેની અધ્યક્ષતા શ્રીમતી ઇન્દિરા ગાંધીએ કરી, વર્ષ ૧૯૮૨માં જ્યારે ભારતને તેની યજમાની કરવા માટે કહેવામાં આવ્યું અને તેના પછીના વર્ષે જયારે વિભિન્ન દેશોના રાજ્ય અને શાસનાધ્યાક્ષો વચ્ચે આંદોલન સંબંધિત અનૌપચારિક વિચાર માટે ન્યુયોર્કમાં બેઠક કરવામાં આવી, ત્યારે શ્રી પી.વી. નરસિંહ રાવે બિન જોડાણવાદી રાષ્ટ્રોના વિદેશ મંત્રીઓ સાથે નવી દિલ્હી અને સંયુકત રાષ્ટ્ર સંઘમાં થનારી બેઠકોની અધ્યક્ષતા કરી હતી.

શ્રી રાવ વિશેષ બિનજોડાણવાદી દેશોના મિશનના નેતા હતા અને પેલેસ્ટાઇન લિબરેશન ઓર્ગેનાઇઝેશનની સમસ્યાઓ ઉકેલવા નવેમ્બર, ૧૯૮૩માં પશ્ચિમ એશિયાના દેશોની મુલાકાત પણ લીધી હતી. નવી દિલ્હીમાં રાષ્ટ્રમંડળના વડાઓની મળેલી બેઠક અને એ બેઠક દ્વારા સાયપ્રસના પ્રશ્ને રચાયેલા એકશન ગ્રૂપ સાથે પણ શ્રી રાવ સક્રિયપણે સંડોવાયેલા રહ્યા હતા. ભારતના વિદેશમંત્રી હોવાની રૂએ નરસિંહા રાવે સંખ્યાબંધ પંચનું અધ્યક્ષપદ પણ સંભાળ્યું હતું. તેમાં અમેરિકા, રશિયા, પાકિસ્તાન, બાંગ્લાદેશ, ઇરાન, વિયેતનામ, તાન્ઝાનિયા અને ગુઆના સાથેના સંયુકત પંચોનો સમાવેશ થાય છે.

૧૯ જુલાઇ, ૧૯૮૪ના રોજ નરસિંહા રાવે ગૃહમંત્રીનો પદબાર સંભાળ્યો હતો. પાંચ નવેમ્બર, ૧૯૮૪ના રોજ આ પદ પર પુનઃ નિમણૂક સાથે તેમણે આયોજન પંચનો વધારાનો હવાલો સંભાળ્યો હતો. ૩૧ ડિસેમ્બર, ૧૯૮૪થી ૨૫ સપ્ટેમ્બર ૧૯૮૫ દરમિયાન તેમણે સરંક્ષણમંત્રીનું પદ પણ સંભાળ્યું હતુ. ૨૫ સપ્ટેમ્બર ૧૯૮૫ના રોજ તેમને માનવવિકાસ સંસાધન મંત્રીનું પદ સંભાળ્યું હતું.



**શ્રી અટલબિહારી વાજપેઇ**

May ૧૬, ૧૯૯૬ - June ૧, ૧૯૯૬ | Bharatiya Janata Party

March ૧૯, ૧૯૯૮ - May ૨૨, ૨૦૦૪ | Bharatiya Janata Party

**અટલબિહારી વાજપેઇ દ્રઢ રાજકીય મનોબળ ધરાવતા લોકલાડિલા નેતા હતા. ૧૩ ઓકટોબર ૧૯૯૯ના રોજ તેમણે એન.ડી.એની નવી ગઠબંધન સરકારના વડાપદે સતત બીજી મુદત માટે શપથ લીધા હતા. ૧૯૯૬માં તેમણે ટૂંકી મુદત માટે પ્રધાનમંત્રીપદ સંભાળ્યું હતું. સતત બે ચૂંટણીમાં વિજયી બનીને પ્રધાનંત્રીપદે આરૂઢ થયેલા તેઓ પ્રથમ પ્રધાનમંત્રી જવાહરલાલ નહેરુ પછીની બીજી વ્યક્તિ બન્યા હતા.**

વાજપેયી ચાર દાયકા જેટલી લાંબી સંસદીય કારકિર્દી ધરાવતા હતા. લોકસભામાં તેઓ નવ મુદત માટે અને રાજ્યસભામાં બે વાર ચૂંટાઇ આવ્યા હતા. પોતાનામાં આ એક વિક્રમજનક ઘટના જ કહી શકાય.

દેશના પ્રધાનમંત્રી, વિદેશમંત્રી, વિવિધ સંસદિય સ્થાયી સમિતિના વડાપદે અને ભારતની સ્થાનિક અને વિદેશનીતિના ઘડતરમાં સક્રીય ભૂમિકા નિભાવી હતી.

વિદ્યાર્થીકાળમાં તેમણે ૧૯૪૨ની કવીટ ઇન્ડિયા મુવમેન્ટમાં ભાગ લઇને રાષ્ટ્રીય રાજકારણમાં પ્રવેશ કર્યો હતો. રાજ્યશાસ્ત્ર અને કાયદાના વિદ્યાર્થી તરીકે કોલેજકાળમાં જ વિદેશી બાબતોમાં તેમની રૂચિ જન્મી હતી. આ રૂચિ ઉત્તરોતર વધતી રહી હતી અને અનેક બહુરાષ્ટ્રીય અને વિપક્ષીય મંચ પર તેમણે ભારતનું કૌશલ્યપૂર્વક પ્રતિનિધિત્વ કર્યું હતું.


શ્રી વાજપેઇએ પત્રકારથી કારકિર્દીની શરૂઆત કરી હતી. ૧૯૫૧માં ભારતીય જનસંઘમાં જોડાતા તેમણે આ કારકિર્દી પડતી મૂકી હતી. આજની ભારતીય જનતા પાર્ટીના મૂળ ભારતીય જનસંઘમાં જ રહેલા છે. તેઓ કવિહ્દય અને કવિ પણ રહેલા છે. આટલા વ્યસ્ત જીવનમાં પણ તેમને સંગીત અને થોડાઘણા રસોઇકામમાં પણ આનંદ આવતો હતો.

એક સમયના ગ્વાલિયર સ્ટેટમાં ૨૫, ડિસેમ્બર, ૧૯૨૪માં એક શિક્ષકને ત્યાં તેમનો જન્મ થયો હતો. જાહેરજીવનમાં વાજપેઇનો ઉદય એ ઘટના જ તેમના દ્વારા ભારતની લોકશાહીને અપાયેલી અંજલિરૂપ હતી.

દાયકાઓની રાજકિય કારકિર્દી દરમિયાન તેઓ પોતાના ઉદાર વલણ અને લોકશાહી આદર્શો પ્રતિની વચનબધ્ધતાને કારણે આદરણીય લોકનેતા બની રહ્યા હતા.

મહિલા સશકિતકરણ અને સામાજિક સમાનતાના હિમાયતી રહીને તે માટે તેઓ લડતા રહ્યા હતા. ભાવિ તરફ નજર રાખીને ભાવિ કેડી કંડારતા ભારતમાં તેઓ શ્રદ્ધા ધરાવતા હતી. ભારત શકિતશાળી અને સમૃદ્ધ બનીને રાષ્ટ્રોના સમુદાયમાં પોતાના અધિકારપૂર્ણ સ્થાન મેળવી શકે એ પ્રકારનો આત્મિવશ્વાસ કેળવે તે એમનો પ્રયત્ન હતો. પાંચ હજાર વર્ષોની સંસ્કૃતિ પર સવાર થઇને નવીનિકરણની નવી ઉર્જા પ્રાપ્ત કરીને ભારત આવનારા એક હજાર વર્ષના પડકારોને ઝીલવા તૈયાર થાય એ તેમનો ધ્યેય હતો. તેમને એકમાત્ર પ્રેમસ્ત્રોત ભારત પ્રત્યેના તેમના નિસ્વાર્થ સમર્પણભાવ અને તેમની અડધા દાયકા સુધીની સમજ અને દેશસેવાની નોંધ લેતા તેમને ભારતના દ્વિતીયક્રમના સર્વોચ્ચ નાગરિક સન્માનથી સન્માનવામાં આવ્યા હતા. ૧૯૯૪માં દેશના શ્રેષ્ઠ સાંસદ તરીકે તેમનું બહુમાન

થયું હતુ. તે બહુમાનપત્રમાં લખ્યું હતું કે ' પોતાના નામ મુજબ અટલજી અગ્રણી રાષ્ટ્રીય નેતા, સક્રીય રાજકારણી, નિસ્વાર્થ સામાજિક કાર્યકર, જોમવંતા વકતા, કવિ અને સાહિત્યકાર, પત્રકાર અને સાચે જ બહુમુખી પ્રતિભાના સ્વામી છે. અટલજી લોકોની આકાક્ષાંઓને વાચા આપતા રહ્યા છે. તેમના કાર્યોમાં હંમેશા રાષ્ટ્રવાદ પ્રત્યેની તેમની સંપૂર્ણ પ્રતિબદ્ધતાનો પ્રતિઘોષ ગૂંજતો રહ્યો છે.



**શ્રી એચ. ડી. દેવ ગૌડા**

J u n e ૧, ૧૯૯૬ - A p r i l ૨૧, ૧૯૯૭ | J a n a t a Dal

સામાજિક આર્થિક વકાસ માટેના લડવૈયા અને ભારતના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસાના પ્રશંસક શ્રી. એચ.ડી. દેવ ગૌડાનો જન્મ ૧૮ મે, ૧૯૩૩ના રોજ કર્ણાટકના હસન જિલ્લાના હોલેનારા સિપુરા તાલુકાના હારાદનાહલી ગામમાં થયો હતો.

સિવિલ એન્જિનીયર ડિપ્લોમાં પદવી ધરાવતા દેવ ગૌડાએ ૨૦ વર્ષની વયે જ સક્રીય રાજકારણમાં પ્રવેશ કર્યો હતો. શિક્ષણ પૂરું કરતા જ ૧૯૫૩માં તેઓ કોગ્રેસમાં જોડાયા હતા અને ૧૯૬૨ સુધી પક્ષના સભ્ય રહ્યા હતા. મધ્યમવર્ગના ખેડૂત પરિવારમાંથી આવેલા દેવ ગૌડા ખેડૂત જીવનની

હાડમારીઓનો સામનો કરી ચૂક્યા હતા. તેમણે ગરીબ ખેડૂતો, વંચિતો અને દમનનો સામનો કરી ચૂકેલા વર્ગોના હિતમાં લડત આપવા જાણે કે શપથ લીધા હતા.

લોકશાહીના સૌથી નીચેના માળખાથી શરૂ કરીને શ્રી ગૌડા એક પછી એક રાજકિય પદોન્નતિ કરતાં રહ્યા, અંજનેયા સહકારી મંડળીના પ્રમુખપદે કાર્ય કરતાં અને ત્યારબાદ હોલેનારાસિપુરા તાલુકા વિકાસ બોર્ડના સભ્ય તરીકે કામ કરતાં તેમણે લોકહૃદયમાં સ્થાન મેળવ્યું હતું. સમાજમાં પ્રવર્તી રહેલી અસાનમતાને સુધારવાની સ્વસ્થ આશા સાથે તેઓ હંમેશાં સ્વદર્થ રાજ્યનું સ્વપ્ન જોતા રહ્યા છે. માત્ર ૨૮ વર્ષની વયે જ ગૌડા અપક્ષ ચૂંટણી લડીને ૧૯૬૨માં કર્ણાટક વિધાનસભાના સભ્યપદે પહેલીવાર ચૂંટાઇ આવ્યા હતા. વિધાનસભા મંચ પરની તેમની અસરકારક વાણીને ગૃહના વરિષ્ઠ સભ્યો સહિત તમામ વખાણતા રહ્યા હતા.

હોલેનારાસિપુર મતદાન વિસ્તારે તેમને સતત ત્રણ મુદત માટે વિધાનસભા પ્રતિનિધિરૂપે મોકલ્યા હતા. ત્યાર બાદ ૧૯૫૭-૬૧માં ચોથી વાર, ૧૯૭૨-૭૭માં પાંચમી વાર અન ૧૯૭૮-૮૩માં છઠ્ઠી મુદત માટે વિધાનસભ્યપદે ચૂંટાઇ આવ્યા હતા.

માર્ચ ૧૯૭૨થી માર્ચ ૧૯૭૬ અને નવેમ્બર ૧૯૭૬થી ડિસેમ્બર ૧૯૭૭ દરમિયાન વિધાનસભાના નેતાપદે તેમણે આપેલી સેવાઓને પણ બિરદાવવામાં આવી હતી.

શ્રી દેવ ગૌડાએ ૨૨ નવેમ્બર ૧૯૮૨ના રોજ છઠ્ઠી વિધાનસભાના સભ્યપદેથી રાજીનામું આપ્યું હતું. સાતમી અને આઠમી વિધાનસભાના સભ્ય તરીકે તેમણે જાહેર સેવા અને સિંચાઇ મંત્રી તરીકેના તેમના સેવાકાર્ય દરમિયાન અનેક સિંચાઇ પરિયોજનાઓ આકાર પામી હતી. સિંચાઇ વિભાગને અપૂરતા ભંડોળના વિરોધમાં તેમણે ૧૯૭૮માં કેબિનેટમાંથી રાજીનામું આપ્યું હતું.

સ્વતંત્રતા અને સમાનતાના હિમાયતી અને લડવૈયા હોવાને કારણે જ ૧૯૬૫-૭૬ દરમિયાન કેન્દ્રીય સત્તાના ક્રોધનો ભોગ બન્યા હતા. કટોકટી દરમિયાન તેમની ધરપકડ થઇ હતી. દેવ ગૌડાએ જેલવાસ દરમિયાન ફરજિયાત આરામના સમયનો ઉપયોગ પણ ગહન વાંચન દ્વારા જ્ઞાનવૃદ્ધિ માટે કર્યો હતો. કારાવાસ દરમિયાન કરેલા વાંચન અને એ સમયગાળા દરમિયાન જેલવાસ ભોગવી ચૂકેલા ભારતના રાજકારણના અન્ય નેતાઓ સાથેના સંવાદે તેમના દ્રષ્ટિકોણ અને વ્યક્તિત્વને નવો ઓપ આપ્યો હતો. જેલના કારાવાસમાંથી બહાર આવ્યા પછી તેઓ વધુ ઠરેલ અને પ્રતિબદ્ધ વ્યક્તિત્વ સ્વામી બન્યા હતા.

૧૯૯૧માં હસન લોકસભા બેઠક પરથી સંસદમાં ચૂંટાઇ આવતા રાજ્યના અને ખાસ કરીને ખેડૂતોના પ્રશ્નોને અગ્રિમ મોરચે લાવવાની દિશામાં તેમણે ચાવીરૂપ ભૂમિકા નીભાવી હતી. સંસદમાં

ખેડૂતોની સમસ્યાઓને વાચા આપવા બદલ તેઓ આદર પ્રાપ્ત કરતાં રહ્યા. સંસદ અને સંસદિય સંસ્થાઓની પ્રતિષ્ઠા અને ગૌરવને કાયમ રાખવા તેમણે નિભાવેલી ભૂમિકાની પણ તેમની પ્રશંસા થતી રહી છે.

શ્રી દેવ ગૌડા રાજ્યમાં બે વાર જનતા પાર્ટીના પ્રમુખ બન્યા હતા અને ૧૯૯૪માં સ્ટેટ જનતા દળના પ્રમુખ બન્યા હતા. ૧૯૯૪માં રાજ્યમાં જનતા દળ સત્તામાં આવ્યા તેની પાછળનું બળ દેવ ગૌડા હતા. તેઓ જનતાદળ વિધાનસભા પક્ષના નેતા પદે ચૂંટાઇ આવ્યા હતા. ૧૧ ડિસેમ્બર, ૧૯૯૪ના રોજ તેમણે કર્ણાટકના ૧૪માં મુખ્યમંત્રી તરીકે સત્તાના સૂત્રો સંભાળ્યા હતા. ત્યાર પછી તેઓ રામનગર વિધાનસભા બેઠક પરથી જંગી બહુમતીથી ચૂંટાઇ આવ્યા હતા.

સક્રીય રાજકારણમાં રહેલો તેમનો લાંબો અનુભવ અને તળિયાની સપાટીએ પ્રવર્તી રહેલી સંગીન સ્થિતિને કારણે રાજ્યની અનેક સમસ્યાઓને ઉકેલવામાં તેમને સફળતા મળી હતી. હુબલી ખાતેના ઇદગાહ મેદાનનું સમાધાન શોધીને તેમણે પોતાની રાજકીય કુશળતાના દર્શન કરાવ્યા હતા. ઇદગાહ લઘુમતી સમુદાયનું છે અને તે મુદ્દે રાજકીય વિવાદ સર્જાયો હતો. શ્રી ગૌડાને આ પ્રશ્નનું શાંતિપૂર્ણ સમાધાન શોધવામાં સફળતા મળી હતી.

જાન્યુઆરી ૧૯૯૫માં શ્રી દેવ ગૌડાએ સ્વીટ્ઝર્લેન્ડની મુલાકાત લઇને આંતરરાષ્ટ્રીય અર્થશાસ્ત્રીઓના મંચમાં ભાગ લીધો હતો. યુરોપ અને મધ્યપૂર્વના દેશોની તેમની મુલાકાતે તેમની સમર્પિત રાજકારણી તરીકેની પ્રતિષ્ઠાના દર્શન કરાવ્યા હતા. તેમની સિંગાપોર પ્રવાસે રાજ્ય માટે જરૂરી વિદેશી મૂડી રોકાણ મેળવવામાં મદદ કરી હતી. તે મુલાકાતે તેમની બિઝનેસ કુશગ્રતા પણ છતી થઇ હતી.

૭૦ ના દાયકાથી જ તેમના મિત્રો અને હરિફો પણ રાજકારણમાં તેમના દ્વારા એકલે હાથે નિભાવાતી ભૂમિકા પર ટીપ્પણીઓ આપતા રહ્યા છે. શ્રી ગૌડા કહે છે કે તેઓ લોકસમુદાયનું રાજકારણ જ ખેલતા રહ્યા છે. પોતે લોકોથી ઘેરાયેલા હોય અને તેમના માટે કાંઇક કરી છૂટતા હોય ત્યારે તેમને આનંદ આવે છે.

૧૯૮૯માં તેમના રાજકીય જૂથ જનતા પાર્ટીએ કર્ણાટક વિધાનસભા ચૂંટણીમાં ખૂબ જ નબળો દેખાવ કર્યો હતો. વિધાનસભાની ૨૨૨ બેઠક માટે પક્ષે ઉમેરવારોને મેદાનમાં ઉતાર્યા હતા પરંતુ માત્ર બે જ બેઠકો પક્ષના ફાળે આવી હતી. રાજકીય કારકિર્દીમાં પહેલી જ વાર પરાજયનો સ્વાદ ચાખતા જે બે બેઠકો પર ઉમેદવારી નોંધાવી હતી તે બંને બેઠકો પર દેવ ગૌડાનો પરાજય થયો હતો. પરાજય મળ્યાને પગલે પ્રતિષ્ઠા ગુમાવેલા સન્માન અને સત્તાને પુનઃ પ્રાપ્ત કરવાની દોડમાં તેમણે

પોતાની રાજકિય શૈલીઓની પુનઃ સમીક્ષા કરીને નવી ધાર કાઢવા પ્રયાસ કર્યા હતા. કડવાશભરી રાજકિય હરિફાઇઓ ત્યજીને તેમણે કર્ણાટક અને દિલ્હીમાં નવા મિત્રો બનાવ્યા હતા. ગૌડા સાદગીપૂર્ણ જીવનશૈલી ધરાવતા અસરકારક અને સ્પષ્ટવાદી વ્યકિત છે.

રાજકારણમાં પ્રવેશતાં પહેલા શ્રી ગૌડા કોન્ટ્રાકટર તરીકે નાના નાના કામો કોન્ટ્રાકટ પર લેતા હતા. તેમણે સ્વતંત્રપણે ગાળેલા સાત વર્ષો દરમિયાન તેમને પક્ષીય રાજકારણને બહારથી નિહાળવામાં મદદ મળી હતી.

હંમેશાં કાર્યરત રહેવાની આદત હોવાથી તેઓ વિધાનસભા ગ્રંથાલયમાં પણ પુસ્તકો અને સામાયિકોના ખડકલા વચ્ચે જોવા મળતા હતા. ૧૯૬૭માં તેઓ ફરી ચૂંટાઇ આવતા તેમનો આત્મવિશ્વાસ વધ્યો હતો અને ૧૯૬૯માં કોંગ્રેસના ભાગલા પડ્યા ત્યારે તેઓ શ્રી નિજલિંગાયાના નેતૃત્વ હેઠળની કોંગ્રેસ (ઓ)માં જોડાયા હતા. કર્ણાટકમાં તે સમયે આ પક્ષ સત્તામાં હતો. પરંતુ ૧૯૭૧ની લોકસભા ચૂંટણીઓમાં કોંગ્રેસ (ઓ)નો પરાજય થયા પછી શ્રી ગૌડાને ખરી રાજકિય તક મળી હતી. ઇન્દિરા ગાંધી મોજાને પગલે સત્તાથી દૂર થયેલા વિરોધપક્ષના તેઓ નેતા બન્યા હતા. શ્રી ડોડ્ડે ગોવડા અને શ્રીમતી દેવમ્માને ત્યાં દેવ ગૌડાનો જન્મ થયો હતો. સાદગીભર્યું ખેડૂત જીવન જીવતા પરિવારનું ફરજંદ હોવાનું શ્રી દેવ ગૌડા હંમેશા ગૌરવ લેતા રહ્યા છે. શ્રીમતી ચેન્નમા સાથે લગ્નગ્રંથિથી જોડાયા બાદ દંપતિ ચાર પુત્રો અને બે પુત્રીઓ ધરાવે છે. તેમના એક પુત્ર કર્ણાટકમાં વિધાનસભા અને બીજા પુત્ર લોકસભામાં ચૂંટાઇ આવ્યા છે.

બિનકોંગ્રેસી અને બિનભાજપ જેવા પ્રાદેશિક પક્ષોના બનેલા ત્રીજા મોરચાનું નેતૃત્વ સંભાળતા હોવાથી તે નેતૃત્વ જ દેવ ગૌડાને પ્રધાનમંત્રી પદ સુધી દોરી ગયું હતું. શ્રી ગૌડા આ પદ મેળવવા ઇચ્છતા પણ નહોતા.

દેશના ૧૧માં પ્રધાનમંત્રીપદે શપથ લેવા શ્રી દેવ ગૌડાએ ૩૦ મે, ૧૯૯૬ના રોજ કર્ણાટકના મુખ્યમંત્રીપદેથી રાજીનામું આપ્યું હતું.



**શ્રી ઇન્દરકુમાર ગુજરાલ**

April ૨૧, ૧૯૯૭ - March ૧૯, ૧૯૯૮ | Janata Dal

શ્રી ઇન્દરકુમાર ગુજરાલે ૨૧ એપ્રિલ ૧૯૯૭ના રોજ સોમવારે ભારતના ૧૨મા પ્રધાનમંત્રીપદે શપથ લીધા હતા.

દિવંગત અવતાર નારાયણ ગુજરાલ અને દિવંગત શ્રીમતી પુષ્પા ગુજરાલના પુત્ર એવા શ્રી ગુજરાલે એમ.એ, બી.કોમ,પી.એચ.ડી, ડી લીટ સુધીનો અભ્યાસ કર્યો હતો. બિનવિભાજીત પંજાબના જેલમ ખાતે ૪ ડિસેમ્બર, ૧૯૧૯ના રોજ તેમનો જન્મ થયો હતો. ૨૬ મે, ૧૯૪૫ના રોજ શ્રીમતી શૈલા ગુજરાલ સાથે તેઓ લગ્નગ્રંથિથી જોડાયા હતા. જેલમના યુવાનોએ સંગઠિત ચળવળ હાથ ધરી

હોવાના કારણસર ૧૯૩૧માં પોલીસે તેમની ધરપકડ કરીને તેમને માર માર્યો હતો. ૧૯૪૨માં ક્વીટ ઇન્ડિયા મુવમેન્ટ વખતે તેમને જેલ થઇ હતી.

પ્રધાનમંત્રીપદ સંભાળતા પહેલા શ્રી ગુજરાલ ૧ જૂન ૧૯૯૬થી વિદેશમંત્રીપદ સંભાળી રહ્યા હતા. ૨૮ જૂન, ૧૯૯૬થી જ તેઓ જળસંસાધન મંત્રાલયનો વધારાનો હવાલો પણ સંભાળી રહ્યા હતા. તે અગાઉ ૧૯૮૯થી ૧૯૯૦ દરમિયાન પણ તેમણે વિદેશમંત્રીનું પદ સંભાળ્યું હતું. ૧૯૭૬થી ૧૯૮૦ દરમિયાન તેઓ સોવિયત સંઘ ખાતે ભારતના રાજદૂત (કેબિનેટ રેન્ક) હતા. ૧૯૬૭થી ૧૯૭૬ દરમિયાન તેમણે નીચે મુજબ મંત્રીપદ સંભાળ્યા હતા.

– સંદેશાવ્યવહાર અને સંસદીય બાબતોના મંત્રી

– માહિતી- પ્રસારણ અને સંદેશાવ્યવહારના મંત્રી

– જાહેર બાંધકામ અને આવાસ મંત્રી

– માહિતી અને પ્રસારણમંત્રી

– આયોજનમંત્રી

સંભાળેલા સંસદિયપદો

જૂન ૧૯૯૬થી રાજ્યસભામાં ગૃહ નેતાઃ ૧૯૯૩થી એપ્રિલ ૧૯૯૬ દરમિયાન વાણિજ્ય અને કાપડ બાબતની સંસદિય સ્થાયી સમિતિના અધ્યક્ષઃ એપ્રિલ ૧૯૯૬થી વિદેશ બાબતની સંસદિય સ્થાયી સમિતિના સભ્યઃ ૧૯૬૪થી ૧૯૭૬, ૧૯૮૯થી ૧૯૯૧ દરમિયાન સંસદસભ્ય, ૧૯૯૨માં બિહારમાંથી રાજ્યપાલપદે ફરી ચૂંટાયા, પીટીશન કમિટિ, જાહેર હિસાબ સમિતિ, રાજ્યસભાની નિયમ સમિતિ, રાજયસભાની સબોર્ડિનેટ લેજિસ્લેશન કમિટિ, રાજ્યસભાની જ જનરલ પર્પઝ કમિટિ, વિદેશમંત્રાલયની સ્થાયી સમિતિમાં પણ સભ્યપદે તેમણે સેવા આપી હતી.

અન્ય મહત્વના હોદ્દા

ચેરમેન, દક્ષિણ-એશિયા સહકાર મોટની ભારતીય પરિષદ, મૂડી આયોજન અને નિયમન સમિતિના સભ્ય, આઇ.ડી.એસ.એ- અર્થાત ઇન્સ્ટીટ્યૂટ ઓફ ડિફેન્સ સ્ટડિઝ એન્ડ એનાલિસીસના ભૂતપૂર્વ અધ્યક્ષ, ઉર્દુને પ્રોત્સાહન માટેની સત્તાવાર સમિતિના અધ્યક્ષ, નવી દિલ્હી મ્યુનિસીપલ કાઉન્સીલના ઉપાધ્યક્ષ (૧૯૫૬-૬૪) લાહોર વિદ્યાર્થી સંઘના પ્રમુખ, પંજાબ વિદ્યાર્થી સંગઠનના મહામંત્રી, વિરોધપક્ષોના સંયુકત મોરચાના કોલકાતા, શ્રીનગર અને દિલ્હી ખાતે મળેલા સંમેલનના પ્રવકતા.

આંતરરાષ્ટ્રીય પ્રતિનિધી મંડળો

૧૯૯૬માં સંયુકત રાષ્ટ્ર સામાન્યસભામાં પહોંચેલા ભારતીય પ્રતિનિધિમંડળના નેતા, ૧૯૯૫માં જીનેવા ખાતે મળેલા સંયુકત રાષ્ટ્ર માનવ અધિકાર સત્ર માટેના ભારતીય પ્રતિનિધિમંડળના નેતા, ૧૯૯૦માં સંયુકત રાષ્ટ્ર સામાન્યસભા માટેના ભારતીય પ્રતિનિધિમંડળનું નેતૃત્વ, ૧૯૯૦માં સંયુક્ત રાષ્ટ્ર ખાતે આર્થિક વિકાસ માટે આયોજિત વિશેષ સત્રમાં પહોંચેલા ભારતીય પ્રતિનિધિમંડળના નેતા, ૧૯૯૪ અને ૧૯૯૫માં યુનો ખાતેના ભારતીય પ્રતિનિધીમંડળના સભ્ય, ૧૯૭૭માં શિક્ષણ અને પર્યાવરણ મુદ્દે મળેલી યુનેસ્કો પરિષદમાં ભારતીય પ્રતિનિધિમંડળનું નેતૃત્વ, ૧૯૭૦, ૧૯૭૨, ૧૯૭૪માં મળેલી બેઠકમાં ભારતીય પ્રતિનિધીમંડળના વૈકલ્પિક નેતા, ૧૯૭૩માં પેરિસ ખાતે મનુષ્ય અને નવી સંદેશાવ્યવહાર સિસ્ટમ મુદ્દે આયોજિત યુનેસ્કોના સેમિનારના અધ્યક્ષ, ૧૯૯૪માં કેનેડા ખાતે મળેલી કોમનવેલ્થ સંસદિય પરિષદમાં પ્રતિનિધિત્વ, ૧૯૬૭માં ઓસ્ટ્રેલિયાના કેનબેરા ખાતે મળેલી આંતરાષ્ટ્રીય સંઘની બેઠકમાં ભારતનું પ્રતિનિધિત્વ , ૧૯૭૪માં સ્ટોકહોમ ખાતે મળેલા સંયુકત રાષ્ટ્ર પર્યાવરણ અંગેના સત્રમાં ભારતીય પ્રતિનિધિમંડળનું નેતૃત્વ, ૧૯૭૫માં ગેબોન, કેમરૂન, કોંગો, ચાડ અને રિપબ્લિક ઓફ સેન્ટ્રલ આફ્રિકા માટેના ભારતના વિશેષ રાજદૂત, ૧૯૬૬માં રિપબ્લિક ઓફ માલવીના ઉદ્ઘાટન સમારંભમાં ભારતના વિશેષ દૂત, ૧૯૬૧માં બલ્ગેરિયા ખાતેના વિશેષ રાજૂદત, રાષ્ટ્રપતિએ શ્રીલંકા, ભૂટાન ઇજીપ્ત અને સુદાનની મુલાકાત લીધી ત્યારે કેન્દ્રીય મંત્રી તરીકે તેમની સાથે ગયા હતા. દક્ષિણ એશિયા સહકાર માટેની ભારતીય પરિષદના અધ્યક્ષ, ૧૯૬૧માં એશિયાઇ રોટરી કોન્ફરન્સના સહાધ્યક્ષ.

સામાજિક સંગઠનો સાથે જોડાણ

પ્રમુખ, નારી નિકેતન ટ્રસ્ટ અને એ.એન.ગુજરાલ મેમોરિયલ સ્કૂલ, જાલંધર (પંજાબ), પ્રમુખ, ભારત-પાક. મિત્ર મંડળી, દિલ્હી આર્ટ થિયેટરના સ્થાપક પ્રમુખ, લોક કલ્યાણ સમિતિના ઉપપ્રમુખ, ૧૯૬૦માં રોટરી કલબ ઓફ દિલ્હીના પ્રમુખ, ૧૯૬૧માં એશિયન રોટરી કલબ કોન્ફરન્સના સહાધ્યક્ષ.

વિશેષ રૂચિ

શ્રી ગુજરાલ લેખક છે. તેઓ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય બાબતો અંગે ટીપ્પણીઓ આપવા જાણીતા રહ્યા છે. તેઓ થિયેટર પ્રવૃત્તિઓ અંગે પણ ટીપ્પણીઓ આપતા રહ્યા છે.



**ડો. મનમોહન સિંઘ**

May ૨૨, ૨૦૦૪ - May ૨૬, ૨૦૧૪ | Indian National Congress

ભારતના ૧૪માં પ્રધાનમંત્રી ડો. મનમોહન સિંઘ સાચે જ વિચારક અને વિદ્વાન છે. કર્તવ્યપરાયણતા, અભ્યાસુ વલણ, સરળતાથી બધાને ઉપબલ્ધ રહેવાનું વલણ, સતત પરિશ્રમની વૃતિ અને વ્યાવસાયિક સૂઝબૂઝ માટે તેમને યાદ કરવામાં આવે છે.

અખંડ ભારતના પંજાબ પ્રાંતના એક ગામમાં ૨૬ સપ્ટેમ્બર, ૧૯૩૨ના રોજ તેમનો જન્મ થયો હતો. ડો. સિંઘે ૧૯૪૮માં પંજાબ યુનિવર્સિટીમાંથી મેટ્રીક પરીક્ષા ઉત્તીર્ણ કરી હતી. તેમની શૈક્ષણિક કારકિર્દીએ તેમને પંજાબથી બ્રિટનની કેમ્બ્રિઝ યુનિવર્સિટી પહોંચાડ્યા હતા. ૧૯૫૭માં આ યુનિવર્સિટીમાંથી અર્થશાસ્ત્ર વિષયમાં પ્રથમ વર્ગમાં ઓનર્સ ડિ.ગ્રી મેળવી હતી. તે પછી ડો. સિંઘે

૧૯૬૨માં ઓકસફોર્ડ યુનિવર્સિટીની નુફિલ્ડ કોલેજમાંથી અર્થશાસ્ત્ર વિષયમાં જ ડી. ફિલ ડિગ્રી પ્રાપ્ત કરી હતી. પોતાના પુસ્તક ‘ ઇન્ડીયાસ અકસપોર્ટ ટ્રેન્ડ્સ એન્ડ પ્રોસ્પેકટસ ફોર સેલ્ફ સસ્ટેઇન્ડ ગ્રોથ’ (કલારેન્ડ્ન પ્રેસ, ઓકસફોર્ડ, ૧૯૬૪)માં તેમણે ભારતની આંતરલક્ષી (ઇનવર્ડ ઓરિએન્ટેડ) વેપારનીતિની આલોચના કરી હતી. પંજાબ યુનિવર્સિટી તેમજ પ્રતિષ્ઠિત દિલ્હી સ્કૂલ ઓફ ઇકોનોમિકસમાં ફેકલ્ટી તરીકે સેવા આપતા તેમની કારકિર્દીને નિખાર મળ્યો હતો. આ વર્ષો દરમિયાન જ તેમણે ટૂંક સમય માટે ‘અંકટાડ’ (U N C T A D ) મંત્રાલયમાં પણ સેવા આપી હતી. તેને પગલે જ ૧૯૮૭થી ૧૯૯૦ દરમિયાન સાઉથ કમિશન, જીનેવાના મહામંત્રીપદે તેમની નિમણૂક થઇ હતી. ૧૯૭૧માં ડો.સિંઘ ભારત સરકારમાં વાણિજ્ય મંત્રાલયના આર્થિક સલાહકાર પદે જોડાયા હતા. તે પછી તરત ૧૯૭૨માં તેમની નિમણૂક નાણા મંત્રાલયના મુખ્ય આર્થિક સલાહકારપદે થઇ હતી. ડો. મનમોહનસિંઘ નાણા મંત્રાલયના સચિવ, આયોજન પંચના ઉપાધ્યક્ષ, ભારતીય રિઝર્વબેન્કના ગવર્નર, પ્રધાનમંત્રીના સલાહકાર, યુજીસીના અધ્યક્ષ સહિતના મહત્વના પદ સંભાળી ચૂક્યા છે. સ્વતંત્ર ભારતના આર્થિક ઇતિહાસને વળાંક આપવાની ઘડીએ ૧૯૯૧ થી ૧૯૯૬ વચ્ચેના પાંચ વર્ષ દરમિયાન તેમણે ભારતના નાણામંત્રી પદે સેવા આપી હતી. આર્થિક સુધારાઓની સર્વાંગીનીતિને અમલી બનાવવામાં રહેલી તેમની ભૂમિકાને વિશ્વભરમાં માન્યતા મળેલી છે. ભારતનો આ સમયગાળો ડો.સિંઘ સાથે સંકળાયેલો રહ્યો હતો.

પોતાની જાહેર કારકિર્દી દરમિયાન ડો.સિંઘને અનેક એવોર્ડ અને સન્માન મળ્યા છે. ભારતના વિત્તીય ક્રમના સર્વોચ્ચ નાગરિક સન્માન પદ્મવિભૂષણ (૧૯૮૭)થી પણ તેમને સન્માનવામાં આવ્યા હતા. તે ઉપરાંત ઇન્ડિયન સાયન્સ કોંગ્રેસ દ્વારા તેઓને જવાહરલાલ નહેરુ બર્થ સેન્ટેનરી અવોર્ડ (૧૯૯૫), યુરો મની દ્વારા ફાયનાન્સ મિનિસ્ટર ઓફ ધ યર (૧૯૯૩ અને ૧૯૯૪), કેમ્બ્રિઝ યુનિવર્સિટી દ્વારા એડમ સ્મિથ પ્રાઇઝ (૧૯૫૬), કેમ્બ્રિઝ સેન્ટ જોન કોલેજ ખાતે ઉત્કૃષ્ઠ કામગીરી માટે રાઇટ પ્રાઇઝ (૧૯૫૫) વગેરે સન્માનથી તેમને સન્માનિત કરવામાં આવ્યા હતા. જાપાનના નોન કેઇલાઇ શિમબુન સંગઠન સહિતના અનેક સંગઠન તેમને સન્માની ચૂકયા છે. યુનિવર્સિટી ઓફ કેમ્બ્રિઝ અને ઓકસફોર્ડ સહિતની અનેક યુનિવર્સિટી દ્વારા તેમને ઓનરરી ડિગ્રીઓ પ્રાપ્ત થઇ ચૂકી છે.

અનેક આંતકરાષ્ટ્રીય પરિષદો અને આંતરરાષ્ટ્રીય સંગઠનોમાં તેઓ ભારતનું પ્રતિનિધિત્વ કરી ચૂક્યા છે. ૧૯૯૩માં તેમણે સાયપ્રસ ખાતે મળેલા કોમનવેલ્થ હેડ ઓફ ગવર્નમેન્ટ બેઠકમાં ભારતના પ્રતિનિધીમંડળનું નેતૃત્વ સંભાળ્યું હતું. એજ રીતે ૧૯૯૩માં વિયેના ખાતે મળેલી હ્યુમન

રાઇટ્સ વર્લ્ડ કોન્ફરન્સમાં પણ ભારતીય પ્રતિનિધીમંડળનું નેતૃત્વ સંભાળ્યું હતું. ડો. સિંઘની રાજકિય કારકિર્દીની વાત કરીએ તો ૧૯૯૧થી તેઓ રાજ્યસભાનું સભ્યપદ ધરાવે છે. ૧૯૯૮ અને ૨૦૦૪માં તેઓએ રાજ્યસભામાં વિરોધપક્ષના નેતાનું પદ પણ સભાળ્યું હતું. વર્ષ ૨૦૦૪ની સામાન્ય ચૂંટણીઓ પછી ૨૨મી મે ના રોજ ડો.મનમોહનસિંઘે પ્રધાનમંત્રી પદના શપથ લીધા હતા. ૨૨ મે ૨૦૦૯ના રોજ બીજી મુદત માટે પ્રધાનમંત્રી પદના શપથ લીધા હતા. ડો.સિઘ અને તેમના શ્રીમતી ગુરુશરણ કૌર ત્રણ પુત્રીઓ ધરાવે છે.



**શ્રી નરેન્દ્ર મોદી**

May ૨૬, ૨૦૧૪ ... | Bharatiya Janata Party

**શ્રી નરેન્દ્ર મોદીએ ૩૦ મે, ૨૦૧૯નાં રોજ ભારતનાં પ્રધાનમંત્રી તરીકે શપથ લીધા હતા. આ પ્રધાનમંત્રી તરીકે તેમનાં બીજા કાર્યકાળની શરૂઆત હતી. આઝાદી પછી જન્મેલા ભારતનાં પ્રથમ પ્રધાનમંત્રી શ્રી મોદીએ અગાઉ વર્ષ ૨૦૧૪ થી ૨૦૧૯ દરમિયાન પ્રધાનમંત્રી તરીકે જવાબદારી નિભાવી હતી. વળી તેઓ ગુજરાતમાં સૌથી વધુ સમય સુધી એટલે કે ઓક્ટોબર, ૨૦૦૧ થી મે, ૨૦૧૪ સુધી સેવા આપનાર મુખ્યમંત્રીની ઉપલબ્ધિ પણ ધરાવે છે.**

વર્ષ ૨૦૧૪ અને ૨૦૧૯ની લોકસભાની ચૂંટણીઓમાં શ્રી મોદીનાં નેતૃત્વમાં ભારતીય જનતા પક્ષે વિક્રમી વિજય મેળવ્યો હતો તેમજ બંને ચૂંટણીઓમાં સ્પષ્ટ બહુમતી મેળવી હતી. આ અગાઉ વર્ષ ૧૯૮૪માં યોજાયેલી લોકસભાની ચૂંટણીઓમાં કોઇ પણ રાજકીય પક્ષે આ પ્રકારે સ્પષ્ટ બહુમતી મેળવી હતી.

'સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ'નાં મંત્ર સાથે શ્રી મોદીએ વહીવટી પ્રક્રિયામાં મોટા પાયે પરિવર્તન લાવવાની પ્રક્રિયા શરૂ કરી દીધી છે, જે સમાવેશકતા, વિકાસલક્ષી અભિગમ અને ભ્રષ્ટાચારમુકત શાસન તરફ દોરી ગઈ છે. પ્રધાનમંત્રી સરકારી યોજનાઓ કે સરકારી સેવાઓનાં લાભ અંત્યોદયનો ઉદ્દેશ પાર પાડે કે છેવાડાનાં માનવી સુધી પહોંચે એ માટે ઝડપથી, વ્યાપકપણે કામ કરી રહ્યાં છે.

અગ્રણી આંતરરાષ્ટ્રીય સંસ્થાઓએ પણ નોંધ્યું છે કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનાં નેતૃત્વમાં ભારત ઝડપથી ગરીબી નાબૂદી કરવા અગ્રેસર છે. આ માટે કેન્દ્ર સરકારનાં ગરીબતરફી શ્રેણીબદ્ધ નિર્ણયો જવાબદાર છે.

અત્યારે ભારતમાં વિશ્વનો સૌથી મોટો આરોગ્યલક્ષી કાર્યક્રમ આયુષ્માન ભારત ચાલી રહ્યો છે. ૫૦ કરોડ ભારતીયોને આવરી લેતો આયુષ્માન ભારત કાર્યક્રમ ગરીબો અને નવ-મધ્યમ વર્ગને ગુણવત્તાયુકત અને વાજબી આરોગ્ય સેવા પ્રદાન કરે છે.

દુનિયામાં આરોગ્ય ક્ષેત્રમાં સૌથી વધુ પ્રતિષ્ઠિત જર્નલમાં સામેલ ધ લાન્સેટે આયુષ્માન ભારત કાર્યક્રમની પ્રશંસા કરતા જણાવ્યું છે કે, આ યોજનાથી ભારતમાં સ્વાસ્થ્ય ક્ષેત્રને લઈને પ્રવર્તમાન સમસ્યાનું સમાધાન કરવા માટે ધ્યાન આપવામાં આવ્યું છે. આ જર્નલે એવું પણ નોંધ્યું હતું કે, પ્રધાનમંત્રી મોદીનાં પ્રયાસોથી સાર્વત્રિક સ્વાસ્થ્ય વીમાકવચને પ્રાથમિકતા મળી છે.

નાણાકીય સમાવેશકતા ગરીબો માટે આશીર્વાદરૂપ હોવાનું સમજીને પ્રધાનમંત્રીએ પ્રધાનમંત્રી જન ધન યોજના શરૂ કરી હતી, જેનો ઉદ્દેશ દરેક ભારતીયો માટે બેંકમાં ખાતાં ખોલવાનો હતો. અત્યાર સુધી ૩૫ કરોડ જન ધન ખાતાઓ ખુલ્યાં છે. આ ખાતાઓ બેંકિંગ સુવિધાઓથી વંચિત લોકોને બેંકિગ સુવિધાઓની સાથે અન્ય અધિકારો પણ આપ્યા છે.

જન ધનથી એક પગલું આગળ વધીને શ્રી મોદીએ જન સુરક્ષા પર ભાર મૂક્યો હતો. આ અંતર્ગત સમાજનાં સૌથી વધુ વંચિત વર્ગને વીમા અને પેન્શનનું કવચ આપવામાં આવ્યું છે. જેએએમ ત્રિપુટી (જન ધન – આધાર – મોબાઇલ)થી વચેટિયાઓ દૂર થયા છે તથા ટેકનોલોજીની મદદથી પારદર્શકતા અને ઝડપ સુનિશ્ચિત થઇ છે.

સૌપ્રથમ અત્યારે પ્રધાનમંત્રી શ્રમ યોગી માન ધન યોજના અંતર્ગત અસંગઠિત ક્ષેત્રનાં ૪૨ કરોડથી વધારે લોકોને પેન્શન કવચ મળ્યું છે. વર્ષ ૨૦૧૯ની લોકસભાની ચૂંટણીનાં પરિણામો પછી મંત્રીમંડળની પહેલી બેઠકમાં આ જ પ્રકારની પેન્શન યોજના વેપારીઓ માટે પણ જાહેર કરવામાં આવી હતી.

પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના વર્ષ ૨૦૧૬માં શરૂ થઈ હતી, જે અંતર્ગત ગરીબોને નિઃશુલ્ક કૂકિંગ ગેસ કનેક્શન આપવામાં આવ્યાં છે. આ યોજના ૭ કરોડથી વધારે લાભાર્થીઓ માટે ધૂમાડામૂક્ત રસોડા પ્રદાન કરવામાં મુખ્ય પરિવર્તનકારી પગલું પુરવાર થઈ છે, જેની મુખ્ય લાભાર્થીઓ મહિલા છે.

આઝાદી પછી ૭૦ વર્ષનો સમય પસાર થવા છતાં ૧૮,૦૦૦ ગામડાઓ વીજળીની સુવિધાથી વંચિત હતા, જેમને હવે વીજળીનો પુરવઠો મળ્યો છે.

શ્રી મોદીનું માનવું છે કે, કોઈ ભારતીય બેઘર ન રહેવો જોઈએ અને એમનું આ સ્વપ્ન સાકાર કરવા વર્ષ ૨૦૧૪ થી ૨૦૧૯ વચ્ચે ૧.૨૫ કરોડથી વધારે મકાનોનું નિર્માણ થયું હતું. પ્રધાનમંત્રીનું વર્ષ ૨૦૨૨ માટે "તમામ માટે મકાન"નું સ્વપ્ન ઝડપથી સાકાર થઇ રહ્યું.

કૃષિ ક્ષેત્ર એક એવું ક્ષેત્ર છે જેના માટે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી વ્યક્તિગત રસ લઈ રહ્યાં છે. વર્ષ ૨૦૧૯નાં વચગાળાનાં બજેટમાં સરકારે પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ નામે ખેડૂતો માટે નાણાકીય પ્રોત્સાહનની જાહેરાત કરી હતી. એ પછી લગભગ ત્રણ અઠવાડિયાની અંદર ૨૪ ફેબ્રુઆરી, ૨૦૧૯નાં રોજ આ યોજનાનો અમલ શરૂ થઈ ગયો હતો અને ત્યારબાદ અત્યાર સુધી ખેડૂતોને નિયમિતપણે હપ્તાની ચૂકવણી થઈ ગઈ છે. પ્રધાનમંત્રી મોદીનાં બીજા કાર્યકાળમાં મંત્રીમંડળની પ્રથમ બેઠક દરમિયાન તમામ ખેડૂતોને પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિનો લાભ આપવાનો નિર્ણય લેવાયો હતો તથા અગાઉની યોજના અંતર્ગત ૫ એકરની મર્યાદા દૂર કરવામાં આવી હતી. આ સાથે ભારત સરકારે ખેડૂતોનાં કલ્યાણ માટે દર વર્ષે રૂ. ૮૭,૦૦૦ કરોડ ફાળવવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે.
શ્રી મોદીએ સોઇલ હેલ્થ કાર્ડ, ઇ-નામમાંથી કૃષિ માટે પથપ્રદર્શક યોજનાઓ પર પણ ધ્યાન કેન્દ્રિત કર્યું છે, જેથી ખેડૂતોને વધારે સારા બજારો મળે અને સિંચાઇ પર નવેસરથી ધ્યાન કેન્દ્રિત કરી શકાય. ૩૦ મે, ૨૦૧૯નાં રોજ પ્રધાનમંત્રીએ જળ સંસાધનો સાથે સંબંધિત તમામ પાસાંઓ પર ધ્યાન આપવા નવા જળ શક્તિ મંત્રાલયની રચના કરવાનું વચન પૂર્ણ કર્યું છે.

મહાત્મા ગાંધીનાં જન્મદિવસે બીજી ઓક્ટોબર, ૨૦૧૪નાં રોજ પ્રધાનમંત્રીએ 'સ્વચ્છ ભારત અભિયાન' શરૂ કર્યું હતું, જે દેશભરમાં સ્વચ્છતા લાવવા માટે સામૂહિક જન આંદોલન બની ગયું છે.

આ આંદોલનનો વ્યાપ અને અસર ઐતિહાસિક છે. અત્યારે સફાઈનો વ્યાપ વર્ષ ૨૦૧૪માં ૩૮ ટકાથી વધીને ૯૯ ટકા થયો છે. કેટલાક રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો ખુલ્લામાં મળોત્સર્જનથી મુક્ત જાહેર થયા છે. ગંગા નદીને સ્વચ્છ કરવા માટે મહત્ત્વપૂર્ણ પગલા હાથ ધરવામાં આવ્યાં છે.

વિશ્વ આરોગ્ય સંસ્થાએ સ્વચ્છ ભારત અભિયાનની પ્રશંસા કરી છે અને એવો મત વ્યક્ત કર્યો છે કે, આ યોજનાથી દર વર્ષે ત્રણ લાખ લોકોનું જીવન બચશે.

શ્રી મોદીનું માનવું છે કે, પરિવર્તન કરવા માટે પરિવહન મહત્ત્વપૂર્ણ માધ્યમ છે. આ કારણે ભારત સરકાર વધારે હાઇવે, રેલવે, આઇ-વે અને વોટરવેની દૃષ્ટિએ અત્યાધુનિક માળખાનું સર્જન કરવા માટે કામ કરે છે. ઉડાન (ઉડે દેશ કા આમ નાગરિક) યોજનાથી નાગરિક ઉડ્ડયન ક્ષેત્રને લોકોને વધારે અનુકૂળ બનાવવામાં આવ્યું છે અને દેશનાં વિવિધ કેન્દ્રો વચ્ચે જોડાણ વધારવામાં આવ્યું છે.

પ્રધાનમંત્રી મોદીએ ભારતને આંતરરાષ્ટ્રીય ઉત્પાદન પાવરહાઉસ બનવા માટે 'મેક ઇન ઇન્ડિયા' પહેલ શરૂ કરી હતી. આ પ્રયાસનાં પરિવર્તનકારક પરિણામો મળ્યાં છે. ઉદાહરણ તરીકે, વર્ષ ૨૦૧૪માં મોબાઇલ ઉત્પાદન એકમોની સંખ્યા ૨થી વધીને વર્ષ ૨૦૧૯માં ૧૨૨ થઈ હતી. ભારત સરકારે 'વેપારવાણિજ્ય સરળ કરવામાં' હરણફાળ ભરી છે, જેનાથી એનો ક્રમાંક વર્ષ ૨૦૧૪માં ૧૪૨ હતો, જે ૨૦૧૯માં ૭૭ થયો હતો. ભારત સરકારે વર્ષ ૨૦૧૭નાં સંસદનાં ઐતિહાસિક સત્ર દરમિયાન જીએસટીની શરૂઆત કરી હતી, જેનાથી 'એક રાષ્ટ્ર, એક કર'નું સ્વપ્ન સાકાર થયું.

શ્રી મોદીનાં કાર્યકાળ દરમિયાન વિશેષ ધ્યાન ભારતનાં સમૃદ્ધ ઐતિહાસિક અને સાંસ્કૃતિક વારસા પર આપવામાં આવ્યું છે. ભારત વિશ્વની સૌથી મોટી પ્રતિમા, ધ સ્ટેચ્યુ ઓફ યુનિટી ધરાવે છે, જે અખંડ ભારતનાં શિલ્પી સરદાર પટેલને ઉચિત શ્રદ્ધાંજલિ છે. આ પ્રતિમાનું નિર્માણ વિશેષ જન આંદોલન દ્વારા થયું હતું, આ પ્રતિમાનાં નિર્માણ માટે ભારતનાં તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોનાં ખેડૂતો પાસેથી ઓજારો અને માટી મેળવવામાં આવી હતી, જે 'એક ભારત, શ્રેષ્ઠ ભારત'નાં જુસ્સાને વ્યક્ત કરે છે.

પ્રધાનમંત્રી મોદી પર્યાવરણ સાથે સંબંધિત સમસ્યાઓનું સમાધાન કરવામાં મહત્તમ યોગદાન આપવા માટે ઉત્સાહી છે. તેમણે અવારનવાર સ્વચ્છ અને હરિયાળી પૃથ્વીનું નિર્માણ કરવા માટે ભાર મૂક્યો છે. ગુજરાતનાં મુખ્યમંત્રી તરીકે શ્રી મોદીએ જળવાયુ પરિવર્તનનાં નવીનત્તમ સમાધાનો માટે તેનો એક અલગ વિભાગ ઊભો કર્યો હતો. આ જ જુસ્સો વર્ષ ૨૦૧૫માં પેરિસમાં આયોજિત સીઓપી૨૧ શિખર સંમેલનની બેઠકમાં જોવા મળ્યો હતો, જ્યાં તેમણે ઉચ્ચ-સ્તરીય ચર્ચાવિચારણામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.

જળવાયુ પરિવર્તનથી એક પગલું આગળ વધીને પ્રધાનમંત્રી મોદીએ આબોહવામાં ગુણવત્તાયુકત પરિવર્તન વિશે વાત કરવી છે. વર્ષ ૨૦૧૮માં કેટલાક દેશોનાં પ્રધાનમંત્રીઓ અને રાષ્ટ્રાધ્યક્ષો ભારતમાં આંતરરાષ્ટ્રીય સૌર ગઠબંધન શરૂ કરવા આવ્યાં હતા, જે વધારે હરિયાળી પૃથ્વીનું નિર્માણ કરવા માટે સૌર ઊર્જાનો ઉપયોગ કરવાનો એક અભિનવ પ્રયાસ છે.

પર્યાવરણનાં સંરક્ષણ માટે પ્રયાસો કરવા બદલ સંયુકત રાષ્ટ્ર દ્વારા પ્રધાનમંત્રીને 'ચેમ્પિયન્સ ઓફ ધ અર્થ' પુરસ્કારથી નવાજવામાં આવ્યા હતા.

જળવાયુ પરિવર્તનથી આપણી પૃથ્વી પર કુદરતી આપત્તિઓનું જોખમ વધી રહ્યું છે એ હકીકતથી સંપૂર્ણપણે વાકેફ શ્રી મોદીએ આપત્તિનાં વ્યવસ્થાપનનો, ટેકનોલોજીની ક્ષમતા અને માનવીય સંસાધનનો ઉપયોગ કરવાનો નવો અભિગમ અપનાવ્યો છે. મુખ્યમંત્રી તરીકે તેમણે ગુજરાતમાં પરિવર્તનનો પવન ફૂક્યો હતો, જ્યાં ૨૬ જાન્યુઆરી, ૨૦૦૧નાં રોજ મહાવિનાશક ધરતીકંપ આવ્યો હતો. એ જ રીતે તેમણે ગુજરાતમાં પૂર અને દુષ્કાળનો સામનો કરવા નવી વ્યવસ્થાઓ પ્રસ્તુત કરી હતી, જેની આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રશંસા થઈ હતી.

વહીવટી સુધારા દ્વારા શ્રી મોદીએ હંમેશા નાગરિકોને પ્રાથમિકતા આપી છે. ગુજરાતમાં તેમણે લોકોની સમસ્યાઓનું સમાધાન કરવા સંધ્યા અદાલતની શરૂઆત કરવાનો નવો અભિગમ વિકસાવ્યો હતો. કેન્દ્ર સરકારમાં પણ તેમણે પ્રગતિ (પ્રો-એક્ટિવ ગવર્નન્સ એન્ડ ટાઇમલી ઇમ્પ્લિમેન્ટેશન)ની શરૂઆત દેશની વૃદ્ધિ માટેનો માર્ગ મોકળો કરવા વિલંબિત પ્રોજેક્ટનાં ઝડપી અમલીકરણ માટે કરી હતી.

શ્રી મોદીની વિદેશી નીતિની પહેલોએ ખરા અર્થમાં ભારતની ક્ષમતાને વ્યકત કરી છે અને વિશ્વની સૌથી મોટી લોકશાહી તરીકે અસરકારક ભૂમિકા ભજવી છે. તેમણે પોતાનાં કાર્યકાળની શરૂઆત સાર્ક દેશોનાં તમામ વડાઓની હાજરીમાં કરી હતી અને બીજા કાર્યકાળની શરૂઆતમાં બિમ્સ્ટેકનાં નેતાઓને આમંત્રણ આપ્યુ હતુ. સંયુકત રાષ્ટ્રની સામાન્ય સભામાં તેમનાં સંબોધનની દુનિયાભરમાં પ્રશંસા થઈ હતી. શ્રી મોદી ૧૭ વર્ષનાં ગાળા પછી નેપાળની, ૨૮ વર્ષ પછી ઓસ્ટ્રેલિયાની, ૩૧ વર્ષ પછી ફિજીની અને ૩૪ વર્ષ પછી યુએઈ અને સેશેલ્સની દ્વિપક્ષીય મુલાકાત લેનાર પ્રથમ ભારતીય પ્રધાનમંત્રી બન્યાં હતા. શ્રી મોદી સંયુકત રાષ્ટ્ર, બ્રિક્સ, સાર્ક અને જી-૨૦નાં શિખર સંમેલનોમાં પણ સામેલ થયા છે, જ્યાં આંતરરાષ્ટ્રીય સ્તરનાં વિવિધ આર્થિક અને રાજકીય મુદ્દાઓ પર ભારતનાં હસ્તક્ષેપો અને અભિપ્રાયોની વ્યાપક પ્રશંસા થઈ હતી.

પ્રધાનમંત્રી મોદીને સાઉદી અરેબિયાનું સર્વોચ્ચ નાગરિક સન્માન સાશ ઑફ કિંગ અબ્દુલ અઝિઝ સહિત વિવિધ દેશોનાં સર્વોચ્ચ સન્માનો એનાયત કરવામાં આવ્યાં છે. શ્રી મોદીને રશિયાનું સર્વોચ્ચ સન્માન (ધ ઓર્ડર ઑફ ધ હોલી એપોસ્ટલ એન્ડ્રૂ ધ ફર્સ્ટ), પેલેસ્ટાઇનનું સર્વોચ્ચ સન્માન (ગ્રાન્ડ કોલર ઑફ ધ સ્ટેટ ઑફ પેલેસ્ટાઇન), અફઘાનિસ્તાન (આમિર અમાનુલ્લાહ ખાન એવોર્ડ), યુએઈનું સર્વોચ્ચ સન્માન (ઝાયેદ મેડલ) અને માલદિવનું સર્વોચ્ચ સન્માન (રુલ ઑફ નિશાન ઇઝ્ઝુદ્દીન) એનાયત થયાં હતા. વર્ષ ૨૦૧૮માં પ્રધાનમંત્રીને આંતરરાષ્ટ્રીય સ્તરે શાંતિ અને વિકાસ માટેનાં પ્રયાસોમાં યોગદાન બદલ પ્રતિષ્ઠિત 'સિઓલ પીસ પ્રાઇસ' પ્રાપ્ત થયું હતુ.

નરેન્દ્ર મોદીનાં 'આંતરરાષ્ટ્રીય યોગ દિવસ'ની ઉજવણી કરવાની અપીલને સંયુક્ત રાષ્ટ્રએ જબરદસ્ત આવકાર આપ્યો હતો. સૌપ્રથમ દુનિયાભરનાં ૧૭૭ દેશોઓ એકમંચ પર આવી અને સંયુક્ત રાષ્ટ્રમાં ૨૧મી જૂનને 'આંતરરાષ્ટ્રીય યોગ દિન' તરીકે ઉજવવાનાં નિર્ણયનો ઠરાવ પસાર કરવામાં પોતાની સહમતિ દર્શાવી હતી.

શ્રી મોદીનો જન્મ ૧૭ સપ્ટેમ્બર, ૧૯૫૦નાં રોજ ગુજરાતનાં એક નાના શહેર વડનગરમાં થયો હતો. તેમનો પરિવાર 'અન્ય પછાત વર્ગ' (ઓબીસી) સાથે સંબંધિત છે, જે સમાજનાં વંચિત સમુદાયોમાં સ્થાન ધરાવે છે. તેમનો ઉછેર ગરીબીમાં થયો હતો, પણ પ્રેમાળ કુટુંબ 'નાણાની તંગી વચ્ચે પણ હળીમળીને' રહેતું હતુ. જીવનની પ્રારંભિક અવસ્થામાં એમને મહેનતનું મૂલ્ય શીખવા મળવાની સાથે એમને સામાન્ય નાગરિકોની ટાળી શકાય એવી સમસ્યાઓ પણ જાણવા મળી હતી. એનાથી તેઓ યુવાવસ્થામાં જ લોકો અને દેશની સેવા કરવા માટે પ્રેરિત થયાં હતા. પોતાનાં શરૂઆતનાં વર્ષમાં તેમણે રાષ્ટ્રનિર્માણ માટે પ્રતિબદ્ધ સંસ્થા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ) સાથે કામ કર્યું હતું અને પછી પોતાની જાતને રાષ્ટ્રીય અને પ્રાદેશિક સ્તરે ભારતીય જનતા પક્ષમાં રાજકીય કાર્ય માટે સમર્પિત કરી દીધી હતી. શ્રી મોદીએ ગુજરાત યુનિવર્સિટીમાંથી રાજ્યશાસ્ત્રમાં એમએ (માસ્ટર ઑફ આર્ટ્સ) કર્યું હતું.

નરેન્દ્ર મોદી 'લોકોના નેતા' છે, જે જનતાની સમસ્યાઓનું સમાધાન કરવા અને તેમની સુખાકારી વધારવા સમર્પિત છે. એમના માટે લોકોની વચ્ચે રહેવું, તેમની સાથે ખુશીઓ વહેંચવી અને તેમનાં દુઃખો દૂર કરવાથી વિશેષ સંતોષની બાબત બીજી કોઈ નથી. તેઓ લોકો સાથે 'અંગત સંપર્ક' જાળવવાની સાથે-સાથે ઓનલાઇન માધ્યમોમાં પણ સારી હાજરી ધરાવે છે. તેઓ ભારતનાં સૌથી વધુ ટેકનો-સેવી નેતા તરીકે જાણીતા છે, લોકો સુધી પહોંચવા માટે વેબનો ઉપયોગ કરે છે અને તેમનાં

જીવનમાં પરિવર્તન લાવે છે. તેઓ ફેસબુક, ટ્વીટર, ઇન્સ્ટાગ્રામ, સાઉન્ડ કલાઉડ, લિન્કડઇન, વેઇબો અને અન્ય ફોરમ પર સક્રિય છે.

રાજકારણ ઉપરાંત નરેન્દ્ર મોદી લેખનકળામાં પારંગત છે. તેમણે કેટલાંક પુસ્તકો પણ લખ્યાં છે, જેમાં કવિતાઓ પરનું પુસ્તક પણ સામેલ છે. તેઓ દિવસની શરૂઆત યોગથી કરે છે, જે શરીર અને મન બંનેને મજબૂતી આપે છે તેમજ ઝડપી જીવનમાં શાંતિ અને એકાગ્રતા પ્રદાન કરે છે.

પ્રાથમિક શાળામાં ઉપયોગી આવી જ શૈક્ષણિક માહિતી જો આપ આપના મોબાઈલમાં મેળવવા ઈચ્છતા હોય તો વોટ્સએપ નંબર ૯૦૩૩૮૬૬૩૩૬ ઉપર તમારું નામ, શાળાનું નામ, ગામ લખી મોકલો આપને બ્રોડકાસ્ટ દ્વારા માહિતી મોકલવામાં આવશે.

ભરત ચૌહાણ “ઓ-કાન્હા”

આચાર્ય, ગુંજાર પ્રાથમિક શાળા, તા.ધંધુકા, જિ.અમદાવાદ

અત્યાર સુધી આપને મળેલાં સાહિત્ય બાબતે અભિપ્રાય જરૂર આપશો.

અભિપ્રાય પર ક્લિક કરો. : **અભિપ્રાય**  